અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 145, Dt.31-03-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

"સફળતાનું રહસ્ય એ છે કે આપનું લક્ષ્ય હંમેશા આપની સમક્ષ હોવું જોઈએ."

ગુજરાતમાં ૬ દેશોના મુસાફરો માટે RT-PCR ટેસ્ટ ફરજીયાત

મુસાફરોનો નેગેટીવ રિપોર્ટ એર સુવિધા પોર્ટલ પર મુકવા રાજ્ય સરકારનો આદેશઃ રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ જિલ્લામાં કોરોનાના વધતા કેસોને પગલે નવી ગાઈડલાઈન્સ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં વિમાન માર્ગે આવેતા ૬ દેશોના મુસાફરો માટે **RT-PCR** ટેસ્ટ કરાવવાનું ફરજીયાત રહેશે. રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા એરપોર્ટ ડાયરેક્ટરને પત્ર પાઠવીને ટેસ્ટ કરાવવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

ચીન, સિંગાપોર, હોંગકોંગ, ઉતર કોરિયા, જાપાન અને દક્ષિણ કોરિયાથી આવતા મુસાફરોનો એરપોર્ટ પર ફરજીયાત કોરોના ટેસ્ટ કરવાનો રહેશે. એટલું જ નહીં દરેક મુસાફરનો નેગેટીવ રીપોર્ટ એર સુવિધા પોર્ટલ પર ફરજીયાત અપલોડ કરવાનો રહેશે. રાજ્યમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. જેના કારણે વિદેશથી આવતા લોકો માટે રાજ્ય સરકારે નવી ગાઈડલાઈન્સ નક્કી કરી છે.

દરમ્યાન દેશમાં કોરોનાના સૌથી વધુ કેસો જ્યાં નોંધાયા છે એવા જિલ્લાઓમાં સૌથી વધુ આગળ અમદાવાદ જિલ્લો છે. અમદાવાદ જિલ્લામાં અત્યારે કોરોનાના ૯૦૮ એક્ટિવ કેસો છે. એ દેશના તમામ જિલ્લાઓ કરતા વધારે છે. કેરળ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ફરીથી કોરોના મહામારી વધી રહી છે. જેના કારણે આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે.(૨.૧૨)

કોરોના સામે આરોગ્ય તંત્રની સજ્જતાની સમીક્ષા કરતા મુખ્યમંત્રી

વધતા જતા કેસોને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ઉચ્ચ કક્ષાની બેઠક બોલાવીઃ તા.૧૦ અને ૧૧ એપ્રિલના રોજ સારવાર અને સાધનોના માળખાની ચકાસણી માટે રાજ્યની તમામ હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં કોરોના મહામારીએ ફરીથી દેખા દીધી હોવાથી આરોગ્ય તંત્ર કેટલું સજ્જ છે તેની સઘન ચકાસણી કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કવાયત હાથ ધરી છે. ગાંધીનગરમાં ઉચ્ચ કક્ષાની બેઠક યોજવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રીએ આરોગ્યતંત્રની સજ્જતા અંગે સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આવતી તા.૧૦ અને ૧૧ એપ્રિલે રાજ્યની તમામ હોસ્પિટલોમાં મોકડ્રીલ કરવાની રહેશે.

રાજ્યભરમાં ટેસ્ટીંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટના આધારે કોવિડના કેસ કે શંકાસ્પદ લક્ષણો ધરવતા વ્યક્તિઓનું વહેલું નિદાન અને સમયસર સારવારની વ્યવસ્થા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે. એ તૈયારીઓની પણ મુખ્યમંત્રીએ સમીક્ષા કરવામાં આવી હતી અને તમામ વિગતો મેળવી હતી.

આ બેઠકમાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ તા.૧૦ અને ૧૧ એપ્રિલના રોજ રાજ્યની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોકડ્રીલ કરવા આદેશ આપ્યો છે. મોકડ્રીલ અંતર્ગત તમામ સાધન સામગ્રી, બેડ, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટીલેટર, ફાયર સેફટી સાધનો, દવાઓ અને સ્ટાફની સજ્જતાની ચકાસણી કરાશે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે બેઠકમાં આરોગ્ય વિભાગની કામગીરીની વિગતો આપી હતી.

બેઠક બાદ તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ પ્રતિ ૧૦ લાખ ૨૬૮ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે. કોવિડ પોઝિટિવ દર્દીઓનું જીનોમ સિક્વનસિંગ પણ કરવામાં



આવી રહ્યું છે. આ રીતે રાજ્યમાં વહેલા નિદાન અને સારવારના પરિણામે દાખલ કરવા પડે એવા દર્દીઓનું પ્રમાણ ૩ ટકા કરતા પણ ઓછું રહ્યું છે. જયારે મૃત્યુદર તો બિલકુલ નહિવત છે.

કોરોનાના કેસોનું દૈનિક પૃથક્કરણ કરીને આરોગ્ય વિભાગ રોગચાળો નિયંત્રણમાં લેવાના ઝડપી પગલા લ્યે એવો રાજ્ય સરકારે આદેશ આપ્યો છે. આરોગ્યમંત્રીએ હોસ્પિટલોમાં દવાઓ વગેરેના પુરવઠાની પણ વિગતો મેળવી સમીક્ષા કરી હતી. બેઠકમાં એવી માહિતી અપાઈ હતી કે, રાજ્યના આયુર્વેદ વિભાગ દ્વારા ઉકાળા વિતરણ અને હોમિયોપેથી દવાનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીએ બેઠકમાં જણાવ્યું હતું કે, કોરોના સામે ડર કે ગભરાટ વિના સાવચેતી અને સલામતી રાખવા લોકોએ કોવિડ એપ્રોપ્રિએટ વર્તન માટે જાગૃત થવું જરૂરી છે. ઉમર લાયક વ્યક્તિઓ અને દર્દીઓએ જાહેર ભીડવાળી જગ્યાથી બચવું જોઈએ અને માસ્ક પહેરવું જોઈએ, ઉધરસ કે છીંક ખાતી વખતે મોં આગળ રૂમાલ રાખવો તેમજ વારંવાર હાથ ધોવા, જાહેર સ્થળોએ થૂંકવું નહીં અને સેનીટાઈઝરનો ઉપયોગ કરવો એ અંગે લોકજાગૃતિ કેળવવા મુખ્યમંત્રીએ તાકીદ કરી હતી.

ઉચ્ચ કક્ષાની બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાશ નાથન, વરિષ્ઠ સચિવ, પ્રતિષ્ઠિત ટોચના તબીબો અને સિવિલ તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ જોડાયા હતા.(૨.૧૨)

ન્યૂઝ ફ્લેશ

આઈપીએલઃ આજે અમદાવાદમાં પહેલો મેચ

અમદાવાદઃ ભારત જ નહીં બલ્કે આખા વિશ્વના ક્રિકેટરસિકો જેની આતૂરતાથી રાહ જોઈને બેઠા છે તે ગ્લેમર અને નાણાંથી ભરપૂર એવી આઈપીએલ ટૂનમિન્ટનો આજથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉપર આજે સાંજે ૭:૩૦ વાગ્યાથી ગત ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ અને ચાર વખતની વિજેતા ચેન્નાઈ સુપરકિંગ્સ વચ્ચે મુકાબલો થશે. આજે મુકાબલો શરૂ થાય તે પહેલાં ધમાકેદાર ઓપનિંગ સેરેમેની યોજાશે જેમાં બોલિવૂડના સ્ટાર કલાકારો ધમાલ મચાવતાં જોવા મળશે. ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડના પ્રખ્યાત ગાયક અરિજીત સિંહની સાથે અભિનેત્રી તમન્ના ભાટિયા અને રશ્મિકા મંદાના પણ પરફોર્મન્સ કરતી જોવા મળશે. આ ઉપરાંત કેટરીના કૈફ અને ટાઈગર શ્રોફ પણ ધૂમ મચાવતો જોવા મળી શકે છે. આ સેરેમનીનું પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ–૧, સ્ટાર સ્પોર્ટસ એચડી–૧, સ્ટાર સ્પોર્ટસ–હિન્દી, સ્ટારસ્પોર્ટસ હિન્દી એચડી, સ્ટાર સ્પોર્ટસ–૧ તમીલ, સ્ટાર સ્પોર્ટસ–૧તેલુગુ અને સ્ટાર સ્પોર્ટસ–૧ કન્નડ ઉપર લાઈવ થશે. ધોની–હાર્દિકની ટીમ વચ્ચે રમાનારી આ મેચ રોમાંચક બની રહેવાની પૂરેપૂરી સંભાવના છે. બન્ને ટીમોએ પાછલી સીઝનમાં બે મેચ રમી હતી અને બન્નેમાં હાર્દિકની ટીમ વિજેતા બની હતી. ગુજરાતની નજર ચેન્નાઈ પર જીતની હેટ્રિક લગાવવા પર રહેશે. જ્યારે ધોનીની ટીમ ગુજરાત ઉપર પહેલી જીત મેળવવા માટે પ્રયત્નશીલ રહેશે. ૪૧ વર્ષ ૨૬૬ દિવસનો ધોની લીગનો સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. તે ૨૦૦૮થી રમી રહ્યો છે. સૌથી વધુ મેચ રમવાનો રેકોર્ડ પણ ધોનીના નામે છે. તે અત્યાર સુધીમાં ૨૩૪ મેચ રમી ચૂક્યો છે. ધોની અને કાર્તિક જ બે એવા વિકેટકિપર છે જેમણે વિકેટ પાછળ ૧૫૦થી વધુ કેચ કર્યા છે.

સૌરાષ્ટ્રમાં માવઠાનો કાળો કહેર, અનેક સ્થળે અડધાથી એક ઈંચ વરસાદ

દ્વારકામાં અડધો ઇંચ કમોસમી વરસાદ, અમરેલી, કચ્છ, જસદણ, અમદાવાદ, ગાંધીનગર, અંબાજીમાં પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ, ખેડૂતોને અવદશા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ)

રાજકોટ, તા.૩૧

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ ગઈકાલે બપોર બાદ પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના વિવિધ સ્થળોએ કમોસમી વરસાદ પડયો હતો. ખાસ કરીને ગઈકાલે દ્વારકા ખાતે અડધો ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. તેમજ રાજકોટ જિલ્લાનાં ગોંડલ, મોટી પાનેલી, જસદણ તેમજ જૂનાગઢ–મહુવા અને આટકોટ–અમરેલી તથા કચ્છનાં જિલ્લાનાં લખપત અને વર્ષાનગરમાં પણ છાંટા વરસ્યા હતાં. જસદણથી મળતા અહેવાલો મુજબ જસદણમાં હવામાન વિભાગની આગાહીના પગલે કમોસમી વરસાદ પડતા રોડ–રસ્તા ભીંજાયા હતાં. જસદણ શહેર અને પંથકમાં બપોરબાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કાળાડીબાંગ વાદળો વચ્ચે કમોસમી વરસાદ પડતા રોડ–રસ્તા ભીંજાઈ ગયા હતા. જો કે થોડા સમય માટે પડેલા કમોસમી વરસાદે વિરામ લઈ લેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. તથા વિંછીયા અને આટકોટમાં પણ બપોર બાદ વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને આટકોટમાં રસ્તા પરથી પાણી વહી ગયા હતાં. જયારે અમદાવાદ અને ગાંધીનગર શહેર ઉપરાંત રાજયમાં ઘણા સ્થળે ગુરૂવારે ગાજવીજ સાથે માવઠું થયું હતું. જોતજોતામાં ગાજવિજ સાથે કમોસમી વરસાદ શરૂ થઈ ગયો હતો.

પીક અવર્સમાં જ માવઠું થતા અનેક વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયાં હતાં. રાજયમાં બનાસકાંઠા, કચ્છ, સાબરકાંઠા, પાટણ અને ખેડા સહિતના વિસ્તારોમાં વરસાદ પડયો હતો. વાવ,થરાદ અને અમીરગઢમાં ભારે વરસાદ થયો હતો.તથા ગુરૂવારે બનાસકાંઠાના વાવ તાલુકામાં એક ઈંચ વરસાદ ખાબકયો હતો જયારે થરાદમાં ૧૨ મીમી, ધાનેરામાં છ, દાંતીવાડા, વડગામ અને સુઈગામમાં ૩–૩ મીમી વરસાદ વરસ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા,પોશીના અને ઈડર પંથકમાં પણ ગુરૂવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ વરસ્યો હતો.

પાશીનામાં ધોધમાર વરસાદની સાથે કરા પડયા હોવાથી નાના બાળકો પણ કરાની મજા માણવા માટે ઘરની બહાર દોડી આવ્યા હતાં. ઈડરમાં ગુરૂવારે એકાએક વાતાવરણમાં પલ્ટો આવતાં પવનના સુસવાટા અને ગાજવિજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.જયારે કેટલીક જગ્યાએ કરા સાથે વરસાદ વરસ્યો હતો. સિદ્ધપુર તાલુકામાં પણ ગુરૂવારે બપોરે બે વાગ્યાના અરસામાં વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા પવન અને કરા સાથે વરસાદ પડતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. જયારે અંબાજીમાં પણ ગઈકાલે સાંજે ભારે પવન સાથે વરસાદની એન્ટ્રી થતા વેપારીઓની દુકાન બંધ કરવાની ફરજ પડી હતી.

કાલથી ટોલટેક્ષમાં ભારે વધારો, વાહનચાલકોને નવો ડામ

કાલથી લાગુ થતો વધારો પાછો ખેંચી લેવા કોંગ્રેસની જોરદાર માંગણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ)

રાજકોટ, તા.૩૧

નવા નાણાંકીય વર્ષના પહેલા દિવસથી જ એટલે કે આવતીકાલથી ટોલટેક્ષમાં ભારે વધારો લાગુ થઇ રહ્યો છે. વાહન ચાલકોને વધારાનો નવો ડામ સહન કરવો પડશે. રાજ્યના ૪૯ ટોલનાકાઓ પરથી પસાર થવાનું વાહનચાલકો માટે વધુ મોંઘુ બનશે.

કોંગ્રેસે ટોલટેક્ષ વધારો પાછો ખેંચી લેવા ઉગ્ર માંગણી કરી છે. રાજ્યમાં કુલ ૪૯ ટોલનાકાઓ પરના ટોલટેક્ષમાં ભારે વધારો લાગુ કરવામાં આવ્યો છે. રાજકોટથી પોરબંદર સહિતના જુદા– જુદા હાઈ–વે પરના ટોલનાકા પરના ટોલદરમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રકારે ડુમીયાણી, વઘાસીયા, વનાણા જેના ટોલનાકા પરથી નિકળતા વાહનચાલકોએ ખિસ્સામાંથી વધુ ટોલટેક્ષ ચૂકવવાનો રહેશે.

નેશનલ હાઈ–વે ઓથોરીટી દ્વારા જાહેર કરાયેલા દર મુજબ મોરબી જિલ્લામાં વઘાસીયા ટોલનાકા પરનો ટોલદર કાર જેવા વાહનો માટે રૂ.૧૧૦ કરાયો છે. જયારે લાઈટ કોમર્શિયલ વાહનો માટેનો દર રૂ.૧૮૦ અને બસ તથા ટ્રક માટેનો દર રૂ.૩૮૦ જેવો આકરો કરી નાખવામાં આવ્યો છે. ૫૦ મુસાફરી માટેના માસિક પાસનો દર વધારીને રૂ.૩૭૨૫ કરી દેવાયો છે.

ડુમીયાણી ટોલનાકા પર કાર જેવા નાના વાહનો માટે ટોલટેક્ષ રૂ.૧૧૫ રહેશે. નાના વ્યાપારી માટે રૂ.૧૮૫ અને બસ– ટ્રક માટેનો ટોલદર રૂ.૩૯૦ રહેશે. ૫૦ વખતની મુસાફરી માટે માસિક પાસનો દર રૂ.૩૮૬૫ કરી દેવાયો છે. વનાણા ટોલનાકા પર કાર જેવા નાના વાહનો માટે નવો ટોલદર રૂ.૮૦ રહેશે. નાના કોમર્શિયલ વાહનો માટે રૂ.૧૨૫ અને બસ– ટ્રક માટે રૂ.૨૬૫ જેવો ભારે ટોલદર નક્કી કરાયો છે. માસિક ૫૦ મુસાફરીના માસિક પાસમાં વધારો કરીને રૂ.૨૬૧૦ કરાયો છે.(૨.૧૨)

જામનગરના ભૂમાફિયા જયેશ પટેલનું ભારત પ્રત્યારોપણ કરવા લંડન કોર્ટની મંજૂરી

ભૂમાફિયા દ્વારા જામનગરના સ્થાનિક એડવોકેટ કિરીટ જોષીની હત્યા સહિતના હત્યા અને કાવતરા કેસો બદલ ભારતને સોંપવાનો લંડનના ડિસ્ટ્રીકટ જજનો આદેશ

(એજન્સી સમાચાર)

લંડન, તા.૩૧

જામનગરમાં જમીનના પ્રકરણમાં એડવોકેટ કિરીટ જોષીની હત્યા સહિતના અનેક ગુન્હાઓમાં સંડોવાયેલા જામનગરના કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલનું ભારત પ્રત્યારોપણ કરી દેવા લંડનની એક અદાલતે આદેશ આપ્યો છે. જયેશ પટેલ સામે હત્યા અને હત્યાના કાવતરા તથા જમીન કૌભાંડોના અનેક કેસ જામનગરમાં નોંધાયેલા છે.

ભૂમાફિયાએ પ્રત્યારોપણથી બચવા માટે લંડનની કોર્ટમાં એવી દલીલો કરી હતી કે, અગાઉ ગુજરાતમાં પોલીસે કરેલા દમણને કારણે હું ડીપ્રેશનમાં છું, માનસિક બીમારી છે અને આત્મહત્યાની વૃતિ તેનાથી તિવ્ર બની રહી છે. જો કે ડીપ્રેશન અને માનસિક અવસ્તા તેમજ પોલીસ દમન અંગેની દલીલો લંડનના ડીસ્ટ્રીકટ જજ સારા જેઇન ગ્રીફીટે નકારી કાઢી હતી. જજે જણાવ્યું હતું કે, ભારતીય પોલીસના ટોર્ચરથી આરોપી માનસિક તનાવમાં હોય એવું કોર્ટને લાગતું નથી. તેને કોઈ માનસિક બીમારી હોય એવું દેખાતું નથી. એટલે તેના પ્રત્યારોપણ વિશે વિચારવાનું બ્રિટનના કાયદા મુજબ ગેરવાજબી કે દમનકારી ગણાશે નહીં.

જયેશ પટેલ ૧૭ માર્ચ– ૨૦૨૧ થી બેલ્માર્સની હાઈ સિક્યુરિટી જેલમાં કેદ છે. તેને જેલમાંથી ઓનલાઈન કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો અને તેણે સોફા પર ચુપચાપ બેસી રહીને ચુકાદો સાંભળ્યો હતો. જજે નોંધ લીધી હતી કે, આરોપી પર ભારતમાં ખંડણી, જમીનના કૌભાંડો, છેતરપીંડી, હત્યાના ૪ કાવતરા સહિતના ૪૦ ગુન્હા નોંધાયેલા છે.(૨.૧૨)

અમદાવાદમાં જાહેરમાં ગંદકી ફેંકનાર સામે મહાપાલિકાની લાલઆંખ

સ્વચ્છતા જાળવવા જોરદાર ઝુંબેશ, ૭ વાહનો જપ્ત-૩ દુકાનો સીલ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ મહાનગરને ગંદકી અને કચરાથી મુક્ત કરવા માટે મહાનગરપાલિકા દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જાહેરમાં ગંદકી ફેંકવા બદલ ૭ લોકોના વાહન જપ્ત કરવામાં આવ્યા હતા અને કચરો તથા ગંદકી ફેલાવવા બદલ ૪ દુકાનોને સીલ કરવામાં આવી હતી.

મહાનગરના પૂર્વ વિસ્તારમાં ગઈકાલથી ૨૬ જેટલી ફ્લાઈંગ સ્કવોડ દ્વારા અલગ– અલગ વિસ્તારોમાં જોરદાર ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને જાહેરમાં કચરો ફેંકનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અલગ– અલગ સ્થળેથી આવી રીતે ૭ લોકોના વાહન જપ્ત કરી નાખવામાં આવ્યા હતા અને ૪ દુકાનોને સીલ કરી નાખવામાં આવી હતી.

મહાનગરને સ્વચ્છ રાખવા માટે વારંવાર તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે. છતાં લોકો બેદરકારી રાખતા હોય છે. પરિણામે જાહેરમાં કચરો અને ગંદકીથી શહેરની શોભા બગડતી જાય છે. એટલે હવે મહાનગરપાલિકાએ બેદરકાર લોકો સામે લાલઆંખ કરી છે અને દંડિત કરવાનું શરૂ કર્યું છે. સ્વચ્છતાપ્રેમી અમદાવાદીઓએ આ કાર્યવાહીને આવકાર આપ્યો છે અને જાહેરમાં કચરો ફેંકવાની ટેવ ધરાવનારાઓમાં ફફડાટ ફેલાયો છે.(૨.૧૨)

ઘરેલું સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં ભારતની ઉંચી ઉડ્ડાન, ૩૨ હજાર કરોડના કરાર

અતિઆધુનિક પેટ્રોલિંગ વહાણ, રડાર તેમજ અન્ય મિસાઈલ સરંજામ માટે સ્થાનિક પેઢીઓ સાથે સંરક્ષણ મંત્રાલયના કરાર સંપન્ન

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩૧

વર્તમાન નાણાંકીય વર્ષના પુરા થવાના એક દિવસ પહેલા સંરક્ષણ મંત્રાલય દ્વારા શસ્ત્ર સરંજામની ખરીદી માટે સ્થાનિક ઉત્પાદન કંપનીઓ સાથે જંગી રકમના કરાર સંપન્ન કરવામાં આવ્યા છે. ૧૧ જેટલા અતિઆધુનિક પેટ્રોલિંગ વહાણ, બ્રહ્મોસ મિસાઈલની બેટરી, આકાશ મિસાઈલના સ્પેર પાર્ટ્સ અને શસ્ત્રોને શોધી શકતા ૧૨ આધુનિક રડારની ખરીદી માટે ભારતીય કંપની સાથે કુલ રૂ.૩૨ હજાર કરોડના ખરીદી કરાર કરવામાં આવ્યા છે. જેમાં અતિઆધુનિક મિસાઈલ જહાજનો પણ સમાવેશ થાય છે.

આધુનિક પેટ્રોલિંગ જહાજ ૧૧ જેટલા ખરીદવામાં આવશે. જેમાંથી ગોવા શીપયાર્ડમાં ૭ અને કોલકતામાં ૪ પેટ્રોલ જહાજનું બાંધકામ થવામાં આવશે. જેનો કુલ ખર્ચ રૂ.૯૭૮૧ કરોડ થશે. નૌકાદળને ૨૦૨૬ ના અંત ભાગમાં આ જહાજ મળી જવાથી દરિયાઈ પેટ્રોલિંગ વધુ ઝડપી, સક્ષ્ડ અને સક્ષમ બનાવવામાં ભારતીય નૌકાદળને મદદ મળશે. દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબુત થશે.

આજ રીતે મિસાઈલ લઈ જઈ શકતા ૬ આધુનિક જહાજ રૂ.૯૮૦૫ કરોડના ખર્ચે કોચિંગ શીપયાર્ડમાં બાંધવામાં આવશે. મિસાઈલથી સક્ષ્ડ આ જહાજોને કારણે દુશ્મનના યુધ્ધ જહાજોનો સામનો કરવામાં નૌકાદળને મદદ મળશે. દરિયામાંથી જમીન પરના દુશ્મન લક્ષ્યાંકો પર પ્રહાર કરી શકાશે. દુશ્મનના જહાજો માટે આ વહાણ એક આડ બનશે.

નૌકાદળ માટે બ્રહ્મોસ મિસાઈલની મેરીટાઈમ મોબાઈલ કોસ્ટલ બેટરી મેળવવા માટે રૂ.૧૭૦૦ કરોડનો કરાર કરવામાં આવ્યો છે. સૌથી મોટો કરાર જે એક જ કંપની સાથે થયો છે એ ભારત ડાયનેમિકસ છે. આકાશ મિસાઈલ

સિસ્ટમ માટેના સરંજામ માટે આ કંપની સાથે રૂ.૮૧૬૦ કરોડનો કરાર કરવામાં આવ્યો છે. આકાશ વેપન સિસ્ટમને કારણે દુશ્મનો તરફથી છોડવામાં આવતા મિસાઈલને રસ્તામાં આંતરી શકાય છે. ૨૫ કિમી સુધીની રેન્જમાં આવી જતા દુશ્મનના હેલિકોપ્ટર અને ડ્રોનની માહિતી મળી જાય છે. જયારે ૧૨ જેટલા સ્વાતી રડાર મેળવવા ભારત ઈલેક્ટ્રોનિકસ સાથે રૂ.૯૯૦ કરોડનો કરાર કરવામાં આવ્યો છે.(૨.૧૨)

શહેર ભાજપના પ્રમુખ તરીકે સાત વર્ષ પૂર્ણ કરતા સફળતાના સુકાની મિરાણી

મારા કાર્યકાળની સફળતા એ તમામ કાર્યકર્તાઓને વંદન સાથે સમર્પિતઃ કમલેશ મિરાણી

રાજકોટ શહેર ભાજપનું સંગઠન ગુજરાતમાં નંબર વનઃ પેજપ્રમુખની કામગીરી સર્વશ્રેષ્ઠઃ સાત વર્ષમાં ૧૦૦૦ થી વધુ કાર્યક્રમો આપી સંગઠનને વધુ સુદ્રઢ બનાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

કોઈપણ સંગઠનમાં સફળ નેતૃત્વ માટે વ્યવહારમાં કેટલાક લક્ષણો વિકસાવવાની નેમ રાખવામાં આવે છે. જેમાં પૂરેપૂરી સિધ્ધી માટે પ્રેરણા, પ્રબળ આત્મવિશ્વાસ, વાસ્તવિક અભિગમ, જરૂર પડયે આક્રમકતા, વિવિધ વિચારોને એક તાંતણે બાંધવાની કાર્યક્ષમતા, સંજોગો અનુસાર સ્પષ્ટ નિર્ણય લેવાની આવડત, દરેક સ્તરના લોકો પ્રત્યે આત્મીયતા જેવા ગુણો અતિ આવશ્યક છે, કોઈપણ સામુહિક કાર્ય યોગ્ય નેતૃત્વ વગર સફળ થઈ આગળ વધી ન શકે ત્યારે સંગઠનના તમામ ગુણોને આત્મસાત કરી શહેર ભાજપના પ્રમુખ તરીકે સાત વર્ષ પૂર્ણ કરતા સફળતાના સુકાની કમલેશ મિરાણીને આજે ભાજપ અગ્રણીઓ, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારે છેલ્લા સાત વર્ષો દરમ્યાન કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપનું સંગઠન ગુજરાતમાં નંબર વન તરીકે ઉભરી આવ્યુ છે.સને ૧૯૮૬થી ભારતીય જનતા પાર્ટીમાં પોતાની રાજકીય સફરનો પ્રારંભ કરનાર કમલેશ મિરાણીએ કોઈપણ પ્રકારના રાજકીય બ્રેકગ્રાઉન્ડ વગર સંગઠનક્ષેત્રે અને સતા ક્ષેત્રે અનેકવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક વહન કરી છે ત્યારે આ તકે કમલેશ મિરાણીએ

છેલ્લા સાત વર્ષોમાં સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે પાર્ટીનો વ્યાપ વધારવામાં સહભાગી થનાર તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરતા કમલેશ મિરાણીએ જણાવેલ કે સતા અને પ્રભુત્વ આ બંને સાથે નેતૃત્વ ગાઢ રીતે સંકળાયેલું હોવા છતા આ બંને એકબીજાથી ભિન્ન છે. નેતૃત્વ એ જૂથના સભ્યોને કાર્યરત થવા પ્રોત્સાહિત કરતી પ્રક્રિયા છે. માનવશક્તિને સામુહિક રીતે કામે લગાડી ધ્યેયપ્રાપ્તિ માટે સક્ષમ રીતે તેને નેતૃત્વ પુરૂ પાડવું અતિ આવશ્યક છે ત્યારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ પેજકમિટીની કામગીરીમાં રાજકોટ શહેર ભાજપનું સંગઠન ગુજરાતમાં નંબર વન સંગઠન તરીકે ઉભરી આવ્યું, ત્યારે મારા સાત વર્ષના કાર્યકાળ દરમ્યાન રાજકોટ મહાનગર દ્વારા પ્રદેશ ભાજપની સૂચના મુજબ યોજાયેલ વિવિધ ૧૦૦૦ વધુ કાર્યક્રમો કાર્યકર્તાઓના પરીશ્રમ થકી સફળ થયા છે અને શહેર ભાજપનું સંગઠન વધુ સુદ્રઢ થયુ છે, ત્યારે મારા કાર્યકાળની સફળતા એ તમામ કાર્યકર્તાઓને વંદન સાથે સમર્પિત કરું છું. કાર્યકર્તાઓના અદભુત પ્રેમ થકી મને કાર્ય કરવાનું પ્રેરકબળ પ્રાપ્ત થયું છે.

આ તકે કમલેશ મિરાણીએ જણાવેલ કે ૨૦૧૭માં યોજાયેલ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રાજકોટની ચારેય બેઠકો પર કાર્યકર્તાના અથાક પરિશ્રમને કારણે જવલંત વિજય મેળવી ભાજપાનો ભગવો લહેરાયો,લોકસભા ચૂંટણીમાં ભાજપે ઉજળો દેખાવ કર્યો , રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ન ભુતો ન ભવિષ્યતિના મંત્રને સાર્થક કરતા મહાનગરપાલિકાની ૭૨ બેઠકોમાં થી ૬૮ બેઠકો પર જવલંત વિજય પ્રાપ્ત કર્યો તેમજ ગત વર્ષે યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં રાજકોટની ચારેય બેઠકો ઉપર ભાજપનો રેકોર્ડબ્રેક વિજય થયો.

તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ પેજપ્રમુખ અને પેજસમિતિની કામગીરીમાં રાજકોટ શહેર ભાજપ સંગઠન ગુજરાતભર સર્વપ્રથમ આવવાનું બહુમાન મેળવ્યુ છે તેનો ગર્વ છે. આ ઉપરાંતમાં મારા શહેર ભાજપ પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાન શહેર ભાજપ દ્વારા વિકાસ પર્વ સંમેલન, રાજકોટ મહાનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ઐતિહાસિક રોડ-શો, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો રોડ-શો, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલનો રોડ-શો, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, પુરૂષોતમભાઈ રૂપાલા, પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણી, અરવિંદભાઈ રૈયાણીની જન આશિર્વાદ યાત્રાની ભવ્ય સફળતા, ભારત માતા ગૌરવ કુચ, તીરંગા યાત્રા, નર્મદા અવતરણ, સૌની યોજના, રાજકોટ શહેરમાં ગુજરાતની સૌપ્રથમ એઈમ્સ હોસ્પિટલનું નિર્માણ, અટલ સરોવર, આધુનીક બસ સ્ટોપ, ન્યુ રેસકોર્ષ, અનેક ઓવરબ્રિજ-અન્ડરબ્રીજ અને કોરોનાની મહામારીમાં પાર્ટીના માધ્યમથી લોકસેવા કરવાનો એક અનેરો અવસર મળ્યો છે જે મારા કાર્યકાળના ઈતિહાસમાં યાદગાર સંભારણુ બની રહેશે તેમજ રાજકોટના ઇતિહાસમાં આ સોનેરી ક્ષણોના કાર્યકર્તાઓના માધ્યમથી સાક્ષી બનવાનું મને હંમેશા ગૌરવ

રહેશે એમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવેલ હતું.

શહેર ભાજપ યુવા મોરચા માં ૨ ટર્મ ઉપપ્રમુખ, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે ૨૦૦૦થી ૨૦૦૩ ત્યારબાદ કોર્પોરેટર તરીકે -૨૦૦૫ થી ૨૦૨૦- સતત ૩ ટર્મ -વોર્ડ-૯માં જવાબદારી સંભાળેલ આ દરમ્યાન સમાજ કલ્યાણ સમિતીના ચેરમેન તરીકે ૨૦૦૫ થી ૨૦૦૭ ૨ ટર્મ, ૨૦૦૮માં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે નિમણૂક, તેમજ એસ.ટી સલાકાર સમિતી સભ્ય, ટેલીફોન એડવાઈઝરી કમિટીમાં નિમણુક સંગઠનમાં શહેર ભાજપ મંત્રી, સંગઠન પર્વમાં બે ટર્મમાં ઈન્ચાર્જ તરીકે, વિધાનસભા ચૂંટણી - ૨૦૧૨, ૨૦૧૭માં વિધાનસભા-૬૯ના ઈન્ચાર્જ, ૨૦૧૩માં શહેર ભાજપ મહામંત્રી તરીકે નિમણૂક, લોકસભા ચૂંટણી-૨૦૧૯ માં રાજકોટ મહાનગરના ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળેલ છે. તેમજ સામાજિક ક્ષેત્રે લોહાણા મહાપરિષદના કારોબારી સભ્ય, રઘુવંશી યુવા ગ્રુપના સલાહકાર, રઘુવંશી ક્રાંતિ મંચ, ગુજરાતના સલાહકાર, જલારામ જયંતિ મહોત્સવના માર્ગદર્શક તેમજ યુનીક ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળી પોતાનું સામાજિક દાયિત્વ નિભાવી રહ્યા છે. આમ છેલ્લા સાત વર્ષોથી શહેર ભાજપ પ્રમુખ તરીકે જવાબદારી સંભાળનાર કમલેશ મિરાણીએ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ પોતાની મન કી બાત સરળતાથી કહી શકે તેવું નિખાલસ વ્યક્તિત્વ ધરાવી કાર્યકર્તાઓના દિલમાં અનેરૂ સ્થાન જમાવ્યું છે.

તીર્થધામ સારંગપુરમાં સ્વામિનારાયણ જયંતિ તથા શ્રીરામ જયંતિનો મહોત્સવ યોજાયો

પ.પૂ. મહંતસ્વામી મહારાજની નિશ્રામાં ૭ હજારથી વધુ ભક્તો અને ૪૦૦થી વધુ સંતોએ લીધો ઉત્સવનો લાભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

ચૈત્ર સુદ નોમ એટલે સમગ્ર ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણ સંપ્રદાય માટે ઐતિહાસિક દિવસ. આજના દિવસે અયોધ્યામાં મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામે જન્મ ધારણ કરીને રામરાજ્યનું સ્થાપન કર્યું હતું.

BAPS સંસ્થાના આધ્યાત્મિક વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજ પણ હાલ સારંગપુર વિરાજતા હોવાથી આ શુભ પર્વનો આરંભ જ તેઓના પૂજાદર્શનથી થયો, જેમાં અનેક ભક્તો-ભાવિકો ઓનલાઇન જોડાયા હતા. બપોરે શ્રીરામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો, જેમાં શ્રીરામ ભગવાનની આરતી ઉતારી તેમને અર્ઘ્ય અર્પણ કરવામાં આવ્યું. સાથે

મંદિરમાં ભગવાનની મૂર્તિઓ આગળ વિશેષ અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. ઉત્સવની મુખ્ય સભા ભવ્યતા-દિવ્યતાથી ઉજવવામાં આવી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરૂહરિ શ્રી મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી **BAPS** સ્વામિનારાયણ સંપ્રદાયમાં આરતી બાદ ગવાનારા અષ્ટક તરીકે નૂતન અષ્ટકની ભેટ પણ આજે જ સૌને મળી. સદગુરૂ વર્ય પૂજ્ય વિવેકસાગર સ્વામી સાથે સંસ્થાના વરિષ્ઠ સંતો પૂજ્ય નારાયણમુનિ સ્વામી, પૂજ્ય ભક્તિસાગર સ્વામી, પૂજ્ય આદર્શજીવન સ્વામી, પૂજ્ય જ્ઞાનનયન સ્વામીએ પણ આ નૂતન અષ્ટક ઉપર સુંદર મનનીય પ્રવચન કર્યા. સ્વયં સ્વામીશ્રીએ પણ આશિષ અર્પ્યા.

કાર્યક્રમના અંતમાં પૂજ્ય આદર્શજીવન સ્વામી દ્વારા લિખિત ગ્રંથ ''પ્રમુખસ્વામી મહારાજ જીવનચરિત્ર''ના ક્ષમા ભાગનું વિમોચન ગુરૂહરિ મહંતસ્વામી મહારાજ દ્વારા થયું. એ જ ક્રમમાં નૂતન ઓડિયો આલ્બમ, ઉડિયા ભાષામાં 'ભગવાન સ્વામિનારાયણ દિવ્ય જીવનગાથા' ગ્રંથ તથા 'નીલકંઠ સહસ્રનામાવલિ' આદિ ગ્રંથોનું વિમોચન પણ થયું. અંતે સૌ સંતો-ભક્તોએ હારતોરા દ્વારા સ્વામીને વધાવ્યાને ભગવાન સ્વામિનારાયણ જન્મોત્સવના કીર્તનોની રમઝટ શરૂ થવા લાગી.

૭ હજારથી વધુ ભક્તો અને ૪૦૦થી વધુ સંતોએ આ મહોત્સવનો પ્રત્યક્ષ લાભ લીધો. લાખો ભક્તોએ ઓનલાઇન આ સભાનો વિશેષ લાભ લીધો હતો. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

વોર્ડ નં.૨ના આકાશવાણી રોડ પર ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૨માં આવેલ આકાશવાણી રોડ પર ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત રાજકોટ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ધારા-સભ્ય ડો. દર્શિતા શાહ તથા વોર્ડ નં.૨ ના કોર્પોરેટર તથા સ્થાયી સમિતિના સભ્ય મનિષભાઈ રાડીયા તથા જયમીનભાઈ ઠાકર તેમજ વોર્ડ નં.૨ ના કોર્પોરેટર મીનાબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કામગીરી આકાશવાણી રોડ પર આવેલ ગેલેક્સી હાઇરાઇડ્ઝ બિલ્ડિંગથી સર્કીટ હાઉસ તરફ જતા રોડ પર ડામર રી-કાર્પેટની કામગીરી કરવામાં આવશે.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ નં. ૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ

નં.૨ના મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, રાજકોટ શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા, પૂર્વ કોર્પોરેટર જસુમતીબેન વસાણી, ધર્મેન્દ્રભાઈ મીરાણી, વોર્ડ અગ્રણી ગુલાબસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, ગૌતમ વાળા, કૌશીકભાઈ અઢીયા, જયંતિભાઈ બુવેલીયા, પુષ્પકભાઈ જૈન, પંકજભાઈ જોષી, મીહીરભાઇ ભટ્ટ, રાજુભાઇ પારેખ, રાજેન્દ્રસિંહ રાણા, મિલિંદભાઈ વાઘેલા, ભરતભાઇ કાઠી, મહેશભાઇ ભીમાણી, દિલિપભાઇ સંઘવી, પ્રફુલભાઇ મહેતા, હિતેશભાઇ શાહ, એસકોલ મોઝેસ, વિશાલભાઇ ભીમાણી, વીમલભાઇ બાવીશી, કેતનભાઇ પાવાગઢી, છેલભાઇ રાવલ, કેતનભાઇ ગાંધી, ફાલ્ગુનભાઇ પોપટ, સંજયભાઇ મિયાત્રા, વોર્ડ નં.૨ મહિલા મોરચા પ્રમુખ દેવ્યાનીબેન રાવલ તેમજ પાયલબેન ગાંધી, હંસાબેન માંજરીયા, આરતીબેન વાઘેલા, ફિરશનીબેન, ક્રિષ્નાબેન, દેવ્યાનીબેન વાળા તથા બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

રામનવમીએ રામવનમાં ૫૦૦૦ બાળકો અને બુઝુર્ગોને નિઃશુલ્ક પ્રવેશ મળ્યો

૨૫૦૦ લોકોએ ટિકિટ લઈ પ્રવેશ મેળવતા મ્યુનિ.ને રૂ.૫૦ હજારની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

મહાપાલિકા દ્વારા ગુરૂવારે રામનવમીના તહેવારમાં ૧૨ વર્ષથી નાના બાળકો અને તેમની સાથે આવતા નાગરિકોને જૈફ અર્બન ફોરેસ્ટમાં નિઃશુલ્ક પ્રવેશ યોજના જાહેર કરેલી હોવાથી આજે ૫૦૦૦ થી વધુ બાળકો અને સિનિયર સિટીઝનોએ તેનો લાભ લીધો હતો. તેમની સાથે ૨૫૦૦ પુખ્ત લોકોએ પણ મુલાકાત લેતા મહાપાલિકાને ટિકિટની ૫૦ હજારની આવક મળી હતી.

રામવન- ધ અર્બન ફોરેસ્ટ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક ૪૭ એકર જમીનમાં અંદાજિત રૂ.૧૩.૭૭ કરોડના ખર્ચે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના જીવનચરિત્ર, મૂલ્યો અને આદર્શો દર્શાવતું સમગ્ર ભારતભરનું પ્રથમ ઐતિહાસિક અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવેલ છે.

મેયર પ્રદિપ ડવ અને સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલે કહ્યું હતું કે, અર્બન ફોરેસ્ટ ખાતે શ્રીરામના જીવન સાથેની થીમ જોડાતા આ જગ્યા લોકો માટે પૌરાણિક કાળના જીવંત અનુભવ જેવી બનાવી શકાય એવો ઉદ્દેશ્ય છે. જેનો મુખ્ય દરવાજો ધનુષબાણ આકારનો છે અને ભગવાન શ્રીરામના જીવનકવનને જીવંત કરવાનો પ્રયત્ન કરાયો છે. આ ઉપરાંત રામવનમાં રામ સેતુ બ્રિજ, એડવેન્ચર બ્રિજ, કુદરતી પાણીના સ્ત્રોતનું નવીનીકરણ, ચિલ્ડ્રન પ્લે-ગ્રાઉન્ડ, ૧૫૦ની કેપેસિટીનું એમફી-થિયેટર, રાશિવન અન્ય આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે. તેમજ ભગવાન શ્રીરામના જીવન આધારીત જુદી જુદી ૨૨ પ્રતિકૃતિ મુકવામાં આવેલ છે.

વિધવા મહિલાને લગ્નની લાલચ આપી RMCના કર્મચારીએ આચર્યું દુષ્કર્મ

બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાતો ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

શહેરના કોઠારિયા રોડ પર રામ પાર્કમાં રહેતા અને કોર્પોરેશનમાં નોકરી કરતા શખ્સે વિધવા મહિલાને લગ્નની લાલચ આપી અલગ- અલગ સ્થળે લઇ જઈ દુષ્કર્મ આચરી તરછોડી દેતા બી- ડિવિઝન પોલીસે શખ્સ સામે દુષ્કર્મ સહિતનો ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના કોઠારિયા રોડ ઉપર રામ પાર્કમાં રહેતો અને છાઈમાં નોકરી કરતો ચેતન કાંતિભાઈ ધામેલીયાને પાંચેક વર્ષ પહેલા કોર્પોરેશનમાં કામ સબબ આવેલી વિધવા મહિલા સાથે પરિચય થયા બાદ તેણે લગ્નની લાલચ તેમજ મહિલાના બે સંતાનોને પણ સાચવવાનો વિશ્વાસ આપી

અલગ- અલગ સ્થળોએ લઇ જઈ દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં તરછોડી દેતા મહિલાએ ફરિયાદ નોંધાવતા બી- ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ શેખએ તપાસ કરતા ચેતન ધામેલીયાને પણ સંતાન હોય અને પત્ની સાથે છૂટાછેડા થઇ ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

શ્રી દેવાયત બોદરની જન્મજયંતિ પ્રસંગે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા પદાધિકારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૩૧

ગઇકાલે આહીર સમાજના સપુત શ્રી દેવાયત બોદરની જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર કંચનબેન સિદ્ધપુરા, કોર્પોરેટરો રાણાભાઈ સાગઠીયા, મગનભાઈ સોરઠીયા, વિનુભાઈ સોરઠીયા, હિરેનભાઈ ખીમાણીયા, નરેન્દ્રભાઈ ડવ, નયનાબેન પેઢડીયા, જયાબેન ડાંગર, જ્યોત્સનાબેન ટીલાળા, દક્ષાબેન વાઘેલા, સોનલબેન સેલારા, કંકુબેન ઉઘરેજા, મંજુબેન કુંગશીયા, લીલુબેન જાદવ તથા અગ્રણી ઘનશ્યામભાઈ કુંગશીયા, પ્રવિણભાઈ ઠુંમર, પ્રવીણભાઈ પાઘડાળ, મૌલિકભાઈ દેલવાડીયા, ચેતનભાઈ લાઠીયા વગેરે ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.(૪.૧૩)

તંત્રી લેખ

આબોહવા પરિવર્તનમાં પ્રદૂષણ મુખ્ય ભૂમિકા...

તે એટલું સામાન્ય બની ગયું છે કે લગભગ દરેક વ્યક્તિ એ હકીકતને સ્વીકારે છે કે પ્રદૂષણ સતત વધી રહ્યું છે. પોલ્યુશન શબ્દનો અર્થ થાય છે કોઈ પણ વસ્તુમાં કોઈ પણ અવાંછિત વિદેશી પદાર્થનું અભિવ્યક્તિ. જ્યારે આપણે પૃથ્વી પરના પ્રદૂષણ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે વિવિધ પ્રદૂષકો દ્વારા કુદરતી સંસાધનોના દૂષણનો ઉલ્લેખ કરીએ છીએ. આ બધું મુખ્યત્વે માનવ પ્રવૃત્તિઓને કારણે થાય છે જે પર્યાવરણને એક કરતાં વધુ રીતે નુકસાન પહોંચાડે છે. તેથી, આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે. કહેવાનો અર્થ એ છે કે પ્રદૂષણ આપણી પૃથ્વીને ભારે નુકસાન પહોંચાડી રહ્યું છે અને આપણે તેની અસરોને સમજવાની અને આ નુકસાનને અટકાવવાની જરૂર છે. પ્રદૂષણ પરના આ નિબંધમાં, આપણે પ્રદૂષણની અસરો શું છે અને તેને કેવી રીતે ઘટાડવું તે જોઈશું. પ્રદૂષણ જીવનની ગુણવત્તાને અસર કરે છે તેના કરતાં વધુ લોકો કલ્પના કરી શકે છે. તે રહસ્યમય રીતે કામ કરે છે, જે કેટલીકવાર નરી આંખે જોઈ શકાતું નથી. જો કે, તે પર્યાવરણમાં ખૂબ હાજર છે. દાખલા તરીકે, તમે હવામાં હાજર કુદરતી વાયુઓને જોઈ શકતા નથી, પરંતુ તે હજી પણ ત્યાં છે. તેવી જ રીતે, જે પ્રદૂષકો હવામાં ગડબડ કરી રહ્યા છે અને કાર્બન ડાયોક્સાઇડનું સ્તર વધારી રહ્યા છે તે માનવો માટે ખૂબ જ જોખમી છે. કાર્બન ડાયોક્સાઇડનું સ્તર વધવાથી ગ્લોબલ વોર્મિંગ થશે. વધુમાં, ઔદ્યોગિક વિકાસના નામે પાણી પ્રદૂષિત થાય છે, ધાર્મિક પ્રથાઓ અને વધુને કારણે પીવાના પાણીની અછત ઊભી થશે. પાણી વિના માનવ જીવન શક્ય નથી. તદ્દુપરાંત, જમીન પર જે રીતે કચરો નાખવામાં આવે છે તે આખરે જમીનમાં જાય છે અને ઝેરી બની જાય છે. જો જમીનનું પ્રદૂષણ આ રીતે થતું રહેશે, તો આપણી પાસે પાક ઉગાડવા માટે ફળદ્રુપ જમીન નહીં હોય. તેથી, પ્રદૂષણને મૂળમાં ઘટાડવા માટે ગંભીર પગલાં લેવા જોઈએ. પ્રદૂષણની હાનિકારક અસરોને જાણ્યા પછી, વ્યક્તિએ શક્ય તેટલી વહેલી તકે પ્રદૂષણને રોકવા અથવા ઘટાડવાનું કાર્ય કરવું જોઈએ. વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે, લોકોએ વાહનોના ધુમાડાને ઘટાડવા માટે જાહેર પરિવહન અથવા કારપૂલનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે તે મુશ્કેલ હોઈ શકે છે, તહેવારો અને ઉજવણીઓમાં ફટાકડાને ટાળવાથી હવા અને ધ્વનિ પ્રદૂષણમાં પણ ઘટાડો થઈ શકે છે. સૌથી ઉપર, આપણે રિસાયકિંલગની આદત અપનાવવી જોઈએ. વપરાયેલ તમામ પ્લાસ્ટિક સમુદ્રો અને જમીનમાં જાય છે, જે તેમને પ્રદૂષિત કરે છે. વાયુ પ્રદૂષણ માનવસર્જિત અને કુદરતી બંને કારણોથી થઈ શકે છે, જો કે આ કુદરતી કારણોનું યોગદાન ખૂબ નહિવત્ છે. વાયુ પ્રદૂષણના મુખ્ય ગુનેગાર વાયુ પ્રદૂષણના માનવસર્જિત સ્ત્રોતો છે. વાયુ પ્રદૂષણનો એકમાત્ર સૌથી હાનિકારક સ્ત્રોત માનવજાત દ્વારા અશ્મિભૂત ઈંધણનું અનિયંત્રિત બર્નિંગ છે. અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ ઔદ્યોગિકીકરણ, ઉત્પાદન, પરિવહન અને ઊર્જા ઉત્પાદનની લગભગ દરેક પ્રક્રિયામાં થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં, પ્રદૂષણનો મુખ્ય સ્ત્રોત પાકને અચોક્કસપણે બાળવાની પ્રથા છે. મધ્યસ્થતામાં, આ વાસ્તવમાં ખેતીમાં ઉપયોગી સાધન છે પરંતુ અનિયંત્રિત પાક બાળવાથી નોંધપાત્ર વાયુ પ્રદૂષણ થાય છે. માનવસર્જિત પ્રદૂષણનો બીજો સ્ત્રોત લશ્કરી સંસાધનો છે જેમ કે પરમાણુ શસ્ત્રાગાર અને રાસાયણિક શસ્ત્રો. તમામ પ્રકારનું પ્રદૂષણ જોખમી છે અને ગંભીર પરિણામો સાથે આવે છે. વ્યક્તિઓથી લઈને ઉદ્યોગો સુધી દરેક વ્યક્તિએ પરિવર્તન તરફ એક પગલું ભરવું જોઈએ. જેમ કે આ સમસ્યાનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસની જરૂર છે, તેથી આપણે હવે હાથ મિલાવવું જોઈએ. તદુપરાંત, આવા માનવીય પ્રવૃતિઓને કારણે પ્રાણીઓના નિર્દોષ જીવો ગુમાવી રહ્યા છે. તેથી, આ પૃથ્વીને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે આપણે બધાએ સ્ટેન્ડ લેવું જોઈએ અને સાંભળ્યું ન હોય તેવા લોકો માટે અવાજ બનવું જોઈએ.

ઈન્ડિયન એકસપ્રેસ દૈનિક અખબાર દ્વારા સતત બીજી વખત

સી.આર.પાટીલ દેશના સૌથી શકિતશાળી ૧૦૦ વ્યકિતની યાદીમાં સમાવેશ

સી.આર.પાટીલએ મજબૂત સંગઠન શકિત, કાર્યકરોને સતત નવું માર્ગદર્શન આપી પેજ સમિતિના શસ્ત્રથી તમામ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય આપવામાં મહત્વની ભૂમિકા નિભાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર તેમજ પેજ સમિતિના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને સતત બીજી વખત દૈનિક અખબાર ઈન્ડિયન એકસપ્રેસ દ્વારા દેશના ૧૦૦ સૌથી શક્તિશાળી વ્યકિતઓની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સી.આર.પાટીલએ વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૬ લાખ ૮૯ હજારથી વધુ મતોથી જંગી સરસાઈથી જીત મેળવી સૌથી વધુ મતોથી જીતનાર લોકપ્રિય સાંસદ છે. સી.આર.પાટીલ તેમના મત વિસ્તારમાં ખૂબ સક્રિય રહે છે જેના કારણે સતત ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા છે.

સી.આર.પાટીલ તેમના મત વિસ્તારમાં મજબૂત સંગઠન શકિતને કારણે તેઓને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જુલાઇ ૨૦૨૦માં ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી. સી.આર. પાટીલ પ્રદેશ અધ્યક્ષ બન્યા પછી મજબૂત સંગઠન શકિતથી પાર્ટીના કાર્યકરોમાં નવી દિશા અને ઉર્જાનો સંચાર કર્યો. દેશ અને રાજયના વિકાસમાં નવ યુવાનો તેમજ દેશભાવના વધે તેવા પ્રયાસો કર્યા તેમજ મતદારો પ્રત્યે ડોર ટુ ડોર કાર્યકરો સંપર્કમાં રહે તે પ્રયાસ માટે પેજ સમિતિની રચના કરી જે આજે સમગ્ર દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તેમજ દેશના ગૃહમંત્રી અમિતભાઇ શાહ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ પણ પેજ સમિતિના કાર્યને બીરદાવ્યું છે અને દેશભરમાં કાર્યરત કરવામાં આવ્યું છે.

પ્રદેશ અધ્યક્ષ બન્યા પછી સી.આર.પાટીલની મજબુત સંગઠન શકિત, કાર્યકરોને સતત નવું માર્ગદર્શન આપી પેજ સમિતિના શસ્ત્રથી તમામ ચૂંટણી જેવી કે તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને વિજય બનાવ્યા છે અને કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા છે જેનો લાભ ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં પક્ષને ભવ્યથી ભવ્ય જીત થઇ કે જે કોંગ્રેસનો જ રેકોર્ડ તોડી ૧૮૨માંથી ૧૫૬ બેઠકોમાં ઐતિહાસિક વિજય અપાવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

સી.આર.પાટીલએ પેજ સમિતિની રચના કરી કાર્યકરો મતદારો સુધી સતત જનસંપર્કમાં રહે અને કેન્દ્ર અને રાજય સરકારની દરેક યોજના જરૂરિયાત મંદ વ્યકિતને મળે તેમજ સુપોષણ અભિયાન જેવા જનસેવાકીય કાર્યો કર્યા તેમજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં યુવાનોને ટિકિટ આપવાનું આહવાન કર્યુ હતું. તેમજ એક વ્યકિત એક હોદ્દો જેવી કાર્યપદ્ધતિ અપનાવી કાર્યકરોને ઉર્જાથી પ્રેરીત કર્યા હતા.

સી.આર.પાટીલએ કાર્યકરોને કાર્ય કરવા પ્રેરિત કરવા તેમજ કાર્યકરોના કામ એક સ્થળ પર થઇ શકે તે માટે રાજયમાં શહેર અને જિલ્લામાં કાર્યાલય બનાવવા માટે આહવાન કર્યુ હતું. તેમજ વિધાનસભા ચૂંટણી સમયે કાર્યકરોમાં નારાજગી ન રહે અને તેમની સમસ્યા સાંભળવા માટે વન ડે વન ડિસ્ટ્રીકટ કાર્યક્રમ કરી વિધાનસભાની ચૂંટણીમાં તમામ રેકોર્ડ તોડી ભાજપને વિજય અપાવવ-ામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો વતી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને સતત બીજી વખત શકિતશાળી વ્યકિતીઓની યાદીમાં ૪૬માં નંબરે સમાવેશ થતા અભિનંદન પાઠવ્યા છે.(૧૩)

ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે બે દિવસીય સંગીત સંધ્યાનો કાર્યક્રમ

શનિ-રવિવારે સાંજે ૫:૩૦ કલાકે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

સરગમ કલબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં આવતીકાલ તા.૧ ને શનિવારે સાંજે ૫:૩૦ કલાકે ડો. અસિતભાઈ ભટ્ટ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨ એપ્રિલને રવિવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે દિલ સુંદર મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.

જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહીં મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટના ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, ડો.અસિતભાઈ ભટ્ટ અને દિલીપભાઈ સોની જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ ગુણવંતભાઈ ડેલાવાળાની યાદીમાં જણાવ્યું છે. (૧૩)

અવસર-૨ હાઈરાઈઝ બિલ્ડીંગમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

રાજકોટ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતિ માટે ગઇકાલે અવસર - ૨, નીલ સિટી કલબ પાસે, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે ચીફ ફાયર ઓફિસર આઇ. વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફીસર બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું. (૧૩)

ધારી: ગોવિંદપુર ગામની શાળાના પૂર્વ વિદ્યાર્થી આઈ.આઈ.ટી.માં ભારતમાં ૨૩૫ માં ક્રમે

શાળાના પ્રિન્સિપાલ સહિતનાઓએ શુભકામનાઓ પાઠવી

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી, તા.૩૧

ધારીના ગોવિંદપુર ગામની અવિરામ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી દર્શન હરખાણી આઈ.આઈ.ટીમાં દેશભરમાં ૨૩૫માં ક્રમે આવી અવિરામ સ્કૂલ ગોવિંદપુર ગામ તેમજ તેમના પરિવારનું નામ રોશન કરેલ છે. અવિરામ સ્કૂલમાં એસ.એસ.સી.માં ૯૯.૩૩ પી.આર. તેમજ ૧૨ સાયન્સમાં ૯૮.૨૭ પી.આર. મેળવી જે તે વખતે જીલ્લામાં અગ્ર સ્થાન મેળવેલ હાલ તે અમદાવાદ ગુજરાત યુનિ.માં એમ.જી સાયન્સ કોલેજમાં અભ્યાસ કરે છે. તેમણે ફીઝીકસમાં આઈ.આઈ.ટી. ૨૩૫માં રેન્કમાં આવેલ છે.

ગોવિંદપુર ગામના પૂર્વ શિક્ષક તેમજ અવિરામ સ્કૂલ માર્ગદર્શક વલ્લભભાઈ રામાણી, અવિરામ સ્કૂલના એમ.ડી. વિપુલભાઈ રાદડીયા, પ્રિન્સિપાલ હિતેશભાઈ મહેતા, સુરતથી ગોવિંદપુર ગામ યુવકમંડળ વતી જે.બી. સોજીત્રા, અશ્વિનભાઈ ઉમરેટીયા, મહેશભાઈ નાકરાણી અભિનંદન પાઠવે છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

ભાજપના સ્થાપના દિન નિમિતે

પ્રજાપતિ સમાજમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવા શિક્ષણ અભિયાન ૨૦૨૩ની બાઈક રેલીનું ભવ્ય આયોજન

૩૦૦ જેટલા સ્કૂટર-બાઈક રેલીમાં જોડાશેઃ શિક્ષણ ભવન બનાવવા માટે રાહતદરે જમીન ફાળવવા અંગે કલેકટરને આવેદન પાઠવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૩૧

પ્રજાપતિ સમાજ દ્વારા શિક્ષણ અંગે જાગૃતિ લાવવા તેમજ શિક્ષણ માટેની નવી ઉર્જા પ્રસ્થાપિત કરવાના સકારાત્મક વિચાર સાથે શિક્ષણ અભિયાન ૨૦૨૩ની બાઈક રેલીનું આયોજન સમગ્ર ગુજરાતમાં તા.૬ એપ્રિલના રોજ કરવામાં આવેલ છે. રેલી બાદ તેઓ રાજકોટ કલેકટરને જમીન ફાળવવા માટે આવેદનપત્ર પાઠવશે.

અખીલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા સમસ્ત પ્રજાપતિ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટે સને ૧૯૮૬થી કાર્યરત છે. સમસ્ત ગુજરાતમાં સંઘની ૩૦૦ ઉપરાંત કાર્યવાહક સમિતિ કાર્યરત છે. સંઘના આદ્ય સ્થાપક દલસુખભાઈ પ્રજાપતિ (પૂર્વ મેયર, પૂર્વ ધારા-સભ્ય અને પૂર્વ ચેરમેન ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી બોર્ડ)ના જન્મદિવસ અને ભાજપના સ્થાપના દિવસનો શુભ સમન્વય છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી'કર્યાલયની મુલાકાતે આવેલા રાજકોટ શહેર તથા જીલ્લા પ્રજાપતિ સંઘ સમિતિના પ્રમુખ કિશોરભાઈ કુડલા અને સગંઠન મંત્રી નિલેશભાઇ પાટડીયા તસવીરમાં નજરે પડે છે.

સમસ્ત પ્રજાપતિ મુખ્યત્વે ભાજપની વિચારધારાને વરેલો છે. તેથી ભાજપના પ્રચાર અર્થે પ્રજાપતિ સમાજમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવા તેમજ શિક્ષણ માટે નવી ઉર્જા પ્રસ્થાપિત કરવાના સકારાત્મક વિચાર સાથે શિક્ષણ અભિયાન ૨૦૨૩ની બાઈક રેલીનું સમગ્ર ગુજરાતમાં તા.૬ એપ્રિલના રોજ આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરમાં સર્વ ગોળ પ્રજાપતિ સમાજની એક લાખ ઉપરાંત વસ્તી છે. તેવા વિસ્તારોને આવરી લઈ આ બાઈક રેલી શ્રી બાઈ મંદિરથી પ્રસ્થાન થઈ મવડી ચોક, નાના મવા ચોક, રાજનગર ચોક, વિરાણી ચોક, યાજ્ઞીક રોડ થઈ જિલ્લા પંચાયત ચોક, સરદાર પટેલ સ્ટેચ્યુ બહુમાળી ભવન થઈને કલેકટર કચેરીએ રેલીનું સમાપન થશે. આ સાથે રાજકોટ શહેરમાં સમસ્ત પ્રજાપતિ સમાજ માટે કન્યા છાત્રાલય તથા શિક્ષણ ભવન બનાવવા માટે રાહતદરે જમીન ફાળવવા માટે આવેદનપત્ર કલેકટર અરૂણ મહેશ બાબુને આપવામાં આવશે.

આ રેલી અંદાજે ૩૦૦ જેટલા સ્કૂટર/બાઈક ભાગ લેશે. દરેક બાઈક ચાલક ઉપરાંત પાછળ બેઠેલ વ્યકિત રાષ્ટ્ર સન્માન, રાષ્ટ્રભાવ અને શિક્ષણ વિશેના વિવિધ બેનર્સ પ્રદર્શિત કરી સમાજને જાગૃત કરશે. આ બાઈક રેલીને સફળ બનાવવા માટે રાજકોટ શહેર તથા જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિના હોદેદારો અને કારોબારી સભ્યો, દરેક ગોળના આગેવાનો, યુવાનોને મળી માર્ગદર્શન આપી રેલીના સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે. તેમ રાજકોટ શહેર તથા જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિની યાદીમાં જણાવ્યું છે. (૧૩)

રવિવારે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ અંગેનો કેમ્પ

સવારે ૯ થી ૧૨ પૂર્વ મંત્રી ગોવિંદ પટેલના કાર્યાલય ખાતે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

ગોવિંદભાઈ પટેલે વધુમાં જણાવ્યું છે કે, ૨ એપ્રિલને રવિવારના રોજ પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ અંગેનો એક કેમ્પ પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલના કાર્યાલય-રાજનગર ચોક, નાના મૌવા ખાતે સવારના ૯ થી ૧૨ રાખેલ છ.

પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ કુટુંબના એક સભ્યનું કરાવેલ છે અને કુટુંબના બીજા સભ્યો બાકી છે તેવા કાર્ડધારકો કે જેમને હસુભાઈ અણદાણીને ફોન સાથેની નોંધ કરાવેલ છે તેવા તમામ કાર્ડ ધારકો આ કેમ્પનો લાભ મેળવી શકો, વધુ માહિતી માટે મો.નં.૯૧૦૬૧૭૫૭૩૫ હસુભાઈનો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. (૧૩)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

જસદણના નિઃસ્વાર્થ સેવા ચેરી. ટ્રસ્ટની ત્રીજી વર્ષગાંઠનો આભાર વંદના કાર્યક્રમ યોજાયો

(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ તા. ૩૧

જસદણ શહેરમાં કોરોનાકાળથી નિઃસ્વાર્થ ભાવે અવિરત સેવાકાર્ય કરતી બિન રાજકીય સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણની તૃતિય વર્ષગાંઠ નિમિતે દાતાઓ અને સરકારી હોસ્પિટલમાં પ્રશંસનીય સેવાકાર્ય કરતા ડોકટરો તેમજ વિવિધ વિભાગના નર્સિંગ સ્ટાફ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે સરકારી હોસ્પિટલના અધિક્ષક ડો.રાકેશ મૈત્રીના અધ્યક્ષ સ્થાને દાતાઓની ઉપસ્થિતમાં આભાર વંદના કાર્યક્રમનું આયોજન જસદણ સરકારી હોસ્પિટલના મુખ્ય પટાંગણમાં કરવામા આવ્યું હતું. નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ એસ.સંઘવીએ સ્વાગત પ્રવચનમાં ટ્રસ્ટના નિઃસ્વાર્થ સેવાકાર્યોમાં સહભાગી થનાર તમામ દાતાઓ તેમજ ડોકટરો સહિતના સ્ટાફનો આભાર માની હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર લઈ રહેલા દર્દીઓને મદદરૂપ થવા માટે તત્પરતા દાખવી હતી.

કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના ઉપપ્રમુખ વલ્લભભાઈ જીંજુવાડીયા, મંત્રી અશોકભાઈ ઠકરાળ, ખજાનચી હર્ષાબેન ચાવડા, સહમંત્રી હસમુખભાઈ મકવાણા, ટ્રસ્ટી રશ્મિનભાઈ શેઠ સહિતના સદસ્યોએ આભાર વંદના કાર્યક્રમને યાદગાર બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.(૧૩)

વિવેકાનંદ યુથ કલબ દ્વારા

ઢોલરા ગામની સરકારી પ્રા. શાળાને શ્રેષ્ઠ શાળા એવોર્ડ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

વિવેકાનંદ યુથ કલબ દ્વારા પ્રતિવર્ષ કોઇપણ એક સરકારી શાળાને શાળામાં શિક્ષણનું સ્તર, લોકભાગીદારી, વનિકરણ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ શાળા એવોર્ડ આપવામાં આવે છે જે અંતર્ગત જીલ્લા પંચાયત રાજકોટની શિક્ષણ સમિતિ સંચાલિત લોધિકા તાલુકાના ઢોલરાની ઢોલરા તાલુકા પ્રાથમિક શાળાને આવતીકાલ તા.૧ એપ્રિલને શનિવારના રોજ સવારના ૯:૩૦ વાગ્યે ઢોલરા ગામની પ્રાથમિક શાળામાં યોજવામાં આવેલ છે.

સંસ્થા દ્વારા શાળાને શ્રેષ્ઠ શાળા એવોર્ડ, ૫ હજાર રૂપિયાનો પુરસ્કાર તેમજ પુસ્તકો ભેટ આપવામાં આવશે અને શાળાના છાત્રોને નાસ્તાનું વિતરણ કરવામાં આવશે.

આ શૈક્ષણિક કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઇ બોદર, શિક્ષણ સમિતિ-રાજકોટના ચેરમેન અતુલભાઇ પંડીત, દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરાના મુકેશભાઇ દોશી, મોઢ વણિક સમાજના અગ્રણી કિરીટભાઇ પટેલ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક સામાજીક અગ્રણી પ્રવિણભાઇ નિમાવત તેમજ ગામના આગેવાનો વિશેષ ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, હસુભાઇ શાહ, પંકજ રૂપારેલીયા, દિનેશભાઇ ગોવાણી, પરિમલભાઇ, જયેન્દ્રભાઇ મહેતા, જીતુભાઇ ગાંધી, નૈષધભાઇ વોરા, વિપુલભાઇ ભટ્ટ, અનિલ ધોળકીયા તેમજ શાળા પરિવાર કાર્યરત છે. તેમ જણાવ્યું છે. (૧.૧૩)

ઓખા અને નાહરલાગુન (અરૂણાચલ પ્રદેશ) વચ્ચે દોડશે સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન

કાલથી ટિકિટોનું બુકિંગ શરૂઃ આ ટ્રેન ૮મી એપ્રિલથી ૧લી જુલાઈ સુધી દોડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ ઓખા અને નાહરલાગુન (અરૂણાચલ પ્રદેશ) વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સ્પેશિયલ ટ્રેનની વિગતોમાં, ટ્રેન નંબર ૦૯૫૨૫/૦૯૫૨૬ ઓખા-નાહરલાગુન સ્પેશિયલ ૨૬ ટ્રીપ્સ. ટ્રેન નંબર ૦૯૫૨૫ ઓખા - નહરલાગુન સ્પેશિયલ ઓખાથી દર મંગળવારે ૨૨:૦૦ કલાકે ઉપડશે અને શુક્રવારે ૧૬:૦૦ કલાકે નાહરલાગુન પહોંચશે. આ ટ્રેન ૪ એપ્રિલ, ૨૦૨૩ થી ૨૭ જૂન સુધી ચાલશે.

એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલાગુન-ઓખા સ્પેશિયલ દર શનિવારે નાહરલાગુન થી ૧૦.૦૦ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૩:૩૫ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન ૮મી એપ્રિલથી ૧લી જુલાઈ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બિયાવરા રાજગઢ, રૂઠિયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, હાજીપુર, શાહપુર પટોરી, બરૌની, બેગુસરાઈ, ખગરિયા, નૌગાચિયા, કટિહાર, બરસોઈ, કિશનગંજ, ન્યૂ જલપાઈગુડી, ન્યૂ કૂચ બિહાર, કોકરાઝાર , બરપેટા રોડ, રંગિયા, ઉદલગુરી, ન્યુ મિસામારી, રંગાપારા ઉત્તર અને હરમુતી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૫૨૫ માટેનું બુકિંગ ૧ એપ્રિલથી **PRS** કાઉન્ટર અને **IRCTC** વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indian-rail.gov.in** ની મુલાકાત લઈ શકે છે. તેમ જણાવ્યું છે.(૧૩)

રાજકોટની ૧૦૦થી વધુ હિન્દુ સંસ્થાઓ જોડાશે

શ્રી બડા બજરંગદાદા ફાઉન્ડેશન દ્વારા શ્રી હનુમાન જન્મોત્સવ રથયાત્રાનું આયોજન

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા શ્રી બડાબજરંગ ફાઉન્ડેશનના પ્રમુખ કલ્પેશ ગમારા, ઉપપ્રમુખ દિનેશ પુનવાણી, વિશાલ કવા, સહદેવસિંહ ડોડીયા, રાજા જાદવ, અંકિત બોસમીયા, મીત જાદવ, યશ આદેસરા, ચીરાગ જોશી, અજય મકવાણા, રૂસબ દાવડા, કુન્વલ મલસાતર અને વિક્રમ ડાંગર તસવીરમાં નજરે પડે છે.

શ્રી બડાબજરંગ દાદાની મૂર્તિને રાજમાર્ગો પર રજવાડી રથ મુખ્ય આકર્ષણનું કેન્દ્રઃ ૧૦૮ કિલોનો મણીદાનો પ્રસાદ શોભાયાત્રાના રૂટમાં અપાશે તેમજ ફાઉન્ડેશનના ભુદેવ અજય મહારાજ અને સાધુ સંતોના શુભહસ્તે અને વૈદિક મંત્રોચ્ચાર સાથે યાત્રાનું પ્રસ્થાન થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ ખાતે શ્રીબડા બજરંગ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૫માં વર્ષે શ્રી હનુમાન જન્મોત્સવ રથયાત્રાનું ભવ્ય આયોજન કરેલ છે,આ યાત્રાનું આયોજન ભવ્યથી ભવ્ય બનાવવા રાજકોટની ૧૦૦થી વધુ હિન્દુ સંસ્થાઓ જહેમત ઉઠાવી રહી છે અને યાત્રાને વધુ વિશાળ બનાવવાના પ્રયાસ કરી રહી છે.

શ્રી બડાબજરંગ હનુમાનજી મહારાજ વર્ષમાં એક વખત હનુમાન જન્મમહોસત્વના દિવસે રાજકોટના રાજમાર્ગો પર નગરયાત્રાએ નીકડીને લોકોની મનોકામના પૂર્ણ કરે છે.લોકો દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. શ્રી બડાબજરંગ ફાઉન્ડેશન દ્વારા શોભાયાત્રાના આયોજનનો એક હેતુ એવો છે કે સમગ્ર સમાજનું સંગઠન થાય અને હિંદુ ધર્મનો વર્ગ જે પશ્ચિમી સંસ્કૃતિ તરફ આકર્ષાઈ રહ્યો છે. તેને જાણવવા કે સનાતનધર્મના તહેવારો પશ્ચિમી સંસ્કૃતિ કરતા પણ ભવ્યરીતે ઉજવી શકાય છે, હિન્દુ ધર્મ શ્રી હનુમાનજી મહારાજને જેમાં બચપણમાં શ્રાપ મળેલ કે, પોતાની શકિત ભૂલી ગયેલ. પરંતુ તેની શકિતની યાદ અપાવીએ ત્યારે પોતાની શકિતથી પરિચિત થાય તેવી જ રીતે સનાતન ધર્મની શકિત વિશે પરિચિત કરવા અને સનાતન ધર્મના જાગરણનો પણ એક હેતુ છે. તદઉપરાંત આ શોભાયાત્રાની શરૂઆત માત્ર ૧૦ ફ્લોટથી કરવામાં આવી હતી જે આજે ૬૦થી પણ વધુ ફ્લોટે પહોંચી છે. જેનો એક માત્ર ઉદેશ ભાઈચારની ભાવના,ધર્મપ્રત્યેનું સંગઠન જે શોભાયાત્રામાં જોવા મળે છે અને દાદાના આશિર્વાદથી નિઃસ્વાર્થ કાર્ય કરવામાં આવે છે.

શ્રીબડા બજરંગ ફાઉન્ડેશન આયોજીત યાત્રામાં આશરે ૫૧થી વધુ આકર્ષણ ફ્લોટ્સ જોડાશે જેમાં ૫૧ ફૂટનો ભગવો ધ્વજ લઈને ભક્તો ચાલશે, શ્રી બડાબજરંગ દાદાની મૂર્તિને રાજમાર્ગો પર રજવાડી રથમાં નીકળશે, ૧૦૮ કિલોનો મણીદાનો પ્રસાદ શોભાયાત્રાના રૂટમાં અપાશે, કેદારનાથની જાંખી નાના ભૂલકાઓ મહાદેવનાનાથ સાથે જોડાશે, દેવી દેવતાના જીવંત પાત્રો આકર્ષણનું કેન્દ્ર બનશે, પર્યાવરણ જાગૃતિ માટેના સંદેશ અને નારી શક્તિને ઉજાગર કરતાં બેટી બચાવો બેટી પઢાઓના મેસેજ આપતા ફ્લોટ્સ, ગૌમાતાને વિશ્વમાતા બનાવીને ગૌમાતાનું મહત્વ સમજાવતા ફ્લોટ્સ, રક્તદાન જાગૃતિનો સંદેશો આપતો ફ્લોટ્સ, સમગ્ર યાત્રા દરમિયાન ગાય માતાને લાડુ, કીડિયાટું, પક્ષીને ચણની કીટોનું વિતરણ કરાશે, ડેકોરેશન કરેલ ફોરવિલર તેમજ બાઇકો, શોભાયાત્રાના રૂટ પર અખાડાના દાવ જેવા કરતબો કરી શક્તિનું પ્રદર્શન, સમગ્રરૂટને કેસરીયો બનાવવામાં આવશે, રૂટ પર તેમજ રાજકોટના જુદા જુદા માર્ગો પર શ્રી હનુમાનજી મહારાજના 10*6 ફુટના વિશાળ ૧૦૦થી પણ વધુ બેનરો મુકાશે તેમજ 4*2 ફુટના ૨૦૦થી પણ વધુ બેનરો મુકવામાં આવશે અને ઠેર-ઠેર જુદી જુદી સંસ્થાઓ દ્વારા રંગોળી, પુષ્પ વર્ષાથી તેમજ ફટાકડા ફોડી યાત્રાનું ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવશે,યાત્રાના સમગ્ર રૂટ પર ઠંડાપીણા, સરબત, છાશ, પ્રસાદની વ્યવસ્થા ભક્તો દ્વારા કરવામાં આવશે.

શ્રીબડા બજરંગ ફાઉન્ડેશનના ભુદેવ એવા અજય મહારાજ અને સાધુ સંતોના શુભહસ્તે અને વૈદિક મંત્રોચ્ચાર સાથે યાત્રાનું પ્રસ્થાન થશે. શોભાયાત્રાને સૌનામા સુગંધની જેમ શોભા વધારતી રાજકોટની જુદી જુદી ૧૦૦થી વધુ સંસ્થાઓ અમારી સાથે જોડાયેલ છે, તેમજ યાત્રાને વિશાળ અને વધુ સારી બનવા માટે મદદરૂપ થશે.

આ વર્ષના યાત્રા પ્રમુખ તરીકે હિંદુવાદી અને ધાર્મિક કાર્યમાં અગ્રેસર રહેતા અને યુવાઓના માર્ગદર્શક પ્રેરક વ્યકિત ડી.વી.રાણા(પિન્ટુભાઈ)ની નિમણૂક કરવામાં આવેલ છે જે પોતે યુવાઓને સાથે રાખી શકિતનું પ્રદર્શન કરશે.

હનુમાન જન્મ મહોત્સવ સમિતિના યાત્રા પ્રમુખ ડી.વી.રાણા(પિન્ટુભાઈ), પ્રમુખ કલ્પેશ ગમારા, ઉપપ્રમુખ દિનેશ પુનવાણી, ખજાનચી વિજય પુનવાણી,મંત્રી રવિ ભટ્ટી, સહમંત્રી વિજય મકવાણા, યાત્રા ઇન્ચાર્જ રાજા જાદવ, કરણ ગમારા, અંકિત ખત્રી, સની ગમારા, રૂટ પ્રમુખ અજય મકવાણા, મયુર રાતડીયા, પ્રભાત ગમારા,ગોપાલ સરૈયા, યાતાયાત વિભાગ કમલેશ રાઠોડ, ભાવિન દેગડા, યશ સરૈયા, પ્રેસ મીડિયા કમલેશ આસનાણી, વિજય સરવૈયા, વીડિયો શુટિંગ ઋષભ દાવડા, વિશાલ કવા, લીગલ સમિતિ ઉમેશ મકવાણા, રાજ ગમારા, સાગર ભટ્ટી, રથ સમિતિ પરેશ પરમાર, ભાવેશ ભટ્ટી,ચંપક ચૌહાણ,વાલી સરૈયા, અંકિત ગોંડલીયા, કાનો સુરાણી, પ્રતીક પાડલિયા, સુશોભન સમિતિ કમલેશ ગમારા,જયુ ચાંદ્રપાલ, ઋતિક સરૈયા,ધર્મેશ થરેશા,નીરવ સરૈયા, કુણાલ મલસતાર, વિક્રમ ડાંગર,યશ આડેસરા, ચિરાગ જોષી, વિનય જોષી, અજીત ગમારા, ઋતિક ગમારા, વિવેક ગમારા,રૂદ્ર ગમારા, ગૌતમ ગમારા, આશિષ પરમાર, વિજય સરૈયા, હાર્દિક ગોલતર, નિલેષ મેહતા, આર્યન મરાઠા, રાકેશ રાઠોડ, કશ્યપ ડોડીયા સહિતના ૨૦૦થી પણ વધુ બજરંગીયો યાત્રાને સફળ બનવા માટે દિવસ અને રાત મહેનત કરી રહ્યા છે. આ ધર્મ યાત્રામાં અને કળયુગના અજરા અમર દેવ શ્રી હનુમાજી મહારાજના દર્શન કરવા અને રથને ખેંચીને ધન્યતા અનુભવવા પરિવાર અને મિત્ર સર્કલ સાથે પધારવા શ્રીબડા બજરંગ ફાઉન્ડેશન તમામ ધર્મપ્રેમી જનતાને અને સંસ્થાઓને ભાવભર્યું આમંત્રણ આપે છે.

આ યાત્રામાં મોટી સંખ્યામાં જોડાઈને શ્રી હનુમાનજીની ભક્તિ અને હિન્દુ એકતાનું પ્રેરણા ઉદાહરણ પૂરું પાડવા જરૂર પધારો. વધુ માહિતી માટે (મો.નં.૮૧૨૮૮ ૮૮૮૩૫, ૯૪૨૭૪ ૩૧૭૭૧૩, ૭૮૭૪૮ ૮૮૮૮૫) પર સંપર્ક કરવા શ્રી બડાબજરંગ ફાઉન્ડેશનના પ્રમુખ કલ્પેશ ગમારાની યાદીમાં જણાવ્યું છે.(૧૩)

યાત્રાનો રૂટ

આગામી તા.૬ એપ્રિલને ગુરૂવારે સવારે ૮:૩૦ કલાકેથી શ્રી બડાબજરંગ હનુમાનજી મંદિરથી રામનાથપરા-૧૬થી યાત્રાનો પ્રારંભ થશે. જે બડા બજરંગ ચોક,રામનાથપરા મેઇનરોડથી ગરૂડ ગરબી ચોક થઈને વિરાણી વાડી રોડથી હાથીખાના મેઇનરોડ કેનાલ રોડથી ગુંદાવાડી પોલીસ ચોકી થઈને,પેલેસ રોડથી સંતોષ ડેરી સામેનો રોડથઈ, કરણપરા ચોકથી પ્રહલાદ મેઇનરોડ થઈ, ભુપેન્દ્ર રોડથી શ્રી બાલાજી મંદિરે ખાતે યાત્રાની પૂર્ણાહુતિ થશે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકમાં અત્યાધુનિક કાયોફ્યુજ મશીનનું લોકાર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ સિવિલ બ્લડ બેન્ક ખાતે સાંસદ રામભાઈ મોકરિયા અને ધારાસભ્ય ડો.દર્શિતાબેનની ઉપસ્થિતિમાં જર્મન બનાવટનું અત્યાધુનિક કાયોફ્યુજ સેન્ટ્રીફ્યુઝ મશીન લોકાર્પિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરિયાએ દાતા હાય-કોન ટેક્નોકાસ્ટ પ્રાઇવેટ લિમિટેડના કિરણભાઈ વાછાણીનો આભારમાની જણાવ્યું હતું કે, રાજકોટ સિવિલ ખાતે અત્યાધુનિક મશીન આવતા જરૂરિયાતમંદ દર્દીઓની સુવિધામાં વધારો થશે. સિવિલ હોસ્પિટલ ખાતે વધુને વધુ ઉત્કૃષ્ટ સારવાર મળી રહે તે માટે સરકારની પ્રતિબુદ્ધતા તેઓએ આ તકે દર્શાવી હતી. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે અત્યાધુનિક મશીન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ કાયોફ્યુજ સેન્ટ્રીફ્યુજ મશીન એક સાથે ૧૬ બોટલ રક્તને અલગ-અલગ ત્રણ ઘટકોમાં વિભાજીત કરી શકે છે. જે થેલેસેમિયા, હિમોફિલિયા, ડેન્ગ્યુ, ન્યુરો, પ્રસૂતા મહિલાઓ સહિતના દર્દીઓને ખૂબ જ મદદરૂપ બનશે. મશીન ઇકો ફ્રેન્ડલી છે, તેમજ મેનપાવરની પણ બચત થશે તેમ મશીનની ઉપયોગીતા સમજાવતા ડો.દર્શિતાબેને જણાવ્યું હતું.

જર્મન બનાવટનું થર્મો ફિશર સાઇન્ટિફિક કંપનીનું મશીન ઓટોમેટેડ છે, સિંગલ ફેજ આધારિત ઓછી વીજ ખપત સાથે ૩૦% જેટલું વધુ કમ્પોનન્ટ ઉત્પાદન કરી શકતું હોઈ અત્યાધુનિક હોસ્પિટલ્સ તેમજ લેબમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

રાજકોટ સિવિલ બ્લડ બેન્ક ખાતેથી મહિને ૨૨૦૦ જેટલી બોટલ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને પૂરી પાડવામાં આવે છે ત્યારે આ મશીનના ઉપયોગથી વધુ કાર્યક્ષમતા સાથે રક્તની જરૂરિયાતને પહોંચી શકાશે. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ રીબીન કાપી મશીન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, સિવિલ અધિક્ષક ડો.આર.એસ.ત્રિવેદી, પેથોલોજી ડિપાર્ટમેન્ટના હેડ ડો. ગૌરવી ધ્રુવા, બ્લડ બેન્કના ડો. પાયલ, ડો. દીપા, ડો. અમલાણી, શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનય જસાણી, બ્લડ બેન્કનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.(૪)

૩૦ મિનિટમાં એકસાથે ૧૬ બોટલ લોહીના ઘટકોને છુટા પાડતું જર્મન બનાવટનું રૂ.૩૮ લાખનું કાયોફ્યુજ સેન્ટ્રીફ્યુઝ મશીન

વેરા વસુલાત શાખા દ્વારા રૂા.૨.૮૯ કરોડ રીકવરી

આજે બપોર સુધીમાં કુલ રૂા.૩૨૦ કરોડ આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

વર્ષ ૨૦૨૨-૨૩ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત મનપાની વેરા વસુલાત શાખા દ્વારા આજે ૨૬ મિલ્કતાને સીલ કરેલ તથા ૫૭ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ રીકવરી રૂા.૨.૮૯ કરોડ રીકવરી કરેલ છે. સેન્ટ્રલ ઝોન દ્વારા કુલ ૧૦ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૦ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧.૮૨ કરોડ કરેલ. વેસ્ટઝોન દ્વારા કુલ ૧ મિલ્કતને સીલ મારેલ તથા ૨૨ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૪૨.૫૫ લાખ કરેલ. ઈસ્ટઝોન દ્વારા ૧૫ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૫ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૬૪.૧૪ લાખ કરેલ. આજ દિન બપોર સુધીની કુલ આવક રૂ.૩૨૦ કરોડ થઈ છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફિસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે. **One Time Installment Scheme**ના છેલ્લો દિવસ બાકી હોય તેમ મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં.૧૫ માં ઈ-શ્રમ કાર્ડ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ અસંગઠિત ક્ષેત્રોમા કામ કરતા તમામ કામદારો/શ્રમિકો પોતાનું અને પોતાના પરિવારના સભ્યોનું ઈ-શ્રમ કાર્ડ માટેનું રજિસ્ટ્રેશન કરાવી રૂ. ૨,૦૦,૦૦૦ સુધીનું વિમા કવચ મેળવી શકે છે. આ યોજનાનો લાભ વધુને વધુ નાગરિકો મેળવે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે વોર્ડ નં. ૧૫ના નવા થોરાળા વિસ્તારમાં કામ કરતા શ્રમજીવી લોકોને ઈ-શ્રમ કાર્ડ મેળવવામા સગવડતા અને સરળતા રહે તે માટે ઈ-શ્રમ કાર્ડ કેમ્પ યોજાયો.

આ ઈ-શ્રમ કાર્ડ કાઢી આપવાનું આયોજન ઈસ્ટ ઝોનમાં સીટી એન્જીનીયર પી.ડી. અઢીયાના માર્ગદર્શન દર્શન હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટાફ તથા કોર્પોરેટરના સંકલનથી કેમ્પ કરવામાં આવેલ છે, જેમાં કોર્પોરેટરઓ તથા વોર્ડનાં ડેપ્યુટી એન્જીનીયર બી.પી. વાઘેલા, મદદનીશ ઇજનેર કલ્પેશ રાઠવા અને વર્ક આસિસ્ટન્ટ પ્રશાંત સોલંકી હાજર રહી ઈ-શ્રમ કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે જેમાં આજરોજ આશરે ૨૩ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધેલ છે.

રાજકોટ જીવનનગરમાં રામનવમીની ઉજવણી કરાઈ

ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાનું કરાયું સન્માનઃ ધાર્મિક આયોજનથી શ્રધ્ધાળુઓ ભાવવિભોર થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

જીવનનગર વિકાસ સમિતિ, રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા સત્સંગ મંડળ ઉપક્રમે રામનવમીની ભાવપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાનું સન્માન સાથે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોમાં માનવ મહેરામણ ઉમટી પડી હતી.

મંદિરના પટ્ટાંગણમાં રામ જન્મોત્સવની ઉજવણી સાથે સુંદર કાંડ, પૂજા-પાઠ, અર્ચન, મહાઆરતી, દિપમાલા સહિત કાર્યક્રમોને સફળતા મળી હતી. બપોરે ૧૨ કલાકે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. મંદિરમાં ધર્મમય વાતાવરણ ઉભું થયું હતું.

ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાએ મહાઆરતી, પૂજામાં ભાગ લીધો હતો. તેમણે સમિતિના કાર્યોની ભારોભાર પ્રશંસા કરી હતી. પોતાના સન્માન બદલ મહિલા મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો. જયંત પંડયાના નેતૃત્વના કારણે આ વિસ્તારના તમામ પ્રશ્નોને મહાનગરપાલિકા અગ્રતા આપે છે. તમામ સહકારની ખાત્રી ઉચ્ચારી હતી. ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાનું સન્માન સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, યોગીતાબેન જોબનપુત્રાએ કર્યું હતું. વોર્ડ નં. ૧૦ ના પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ જોબનપુત્રાએ મહાઆરતીમાં ભાગ લીધો હતો. ભારત ઉત્સવો, ત્યૌહારનો દેશ છે. લોકોની ધાર્મિક લાગણીની કદર કરી હતી.

મંદિરના વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટે મહેમાનોને આવકારી સત્કાર્યા હતા. ધાર્મિક કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્કના શ્રધ્ધાળુઓએ દિપમાલા, પ્રસાદમાં ભાગ લીધો હતો.

સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ આગામી આયુષ્યમાન કાર્ડના કેમ્પ મહાદેવધામમાં યોજાશે.

કોઈપણ નાગરિક જરૂરી આધાર-પુરાવા સાથે કેમ્પમાં ભાગ લઈ શકશે. સહેલાઈથી કાર્ડ મળી રહે તેવા પ્રયાસોની વાત કરી હતી.

રામનવમી શ્રધ્ધાસુમન સંપન્ન થયેલ તેમાં વિનુભાઈ ભટ્ટ, હસુભાઈ મોડેસરા, અંકલેશ ગોહિલ, કેતનભાઈ મકવાણા, પાર્થ ગોહેલ, અનંતભાઈ ગોહેલ, પૂજારી પ્રવિણભાઈ જોષી, ગોવિંદભાઈ ગોહેલ, વિનુભાઈ ઉપાધ્યાય, પંકજભાઈ મહેતા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, જયશ્રીબેન મોડેસરા, કુસુમબેન ચૌહાણ, રેખાબેન વાઢેર સહિત સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

રાજકોટની ગોંડલ ચોકડી પાસે બાતમીના આધારે દરોડો

કતલખાને લઈ જવાતા ૨૭ પાડાને ગૌરક્ષકોએ બચાવ્યાઃ ડ્રાઈવર ફરાર ખીચોખીચ બાંધી પશુ પ્રત્ય ઘાતકીપણાની કલમ હેઠળ ગુનો નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટની ગોંડલ ચોકડી પાસે ગત રાત્રે ગૌસેવકોએ વોચ ગોઠવી કતલખાને લઈ જવાતા ૨૭ પાડા ભરેલું આઈસર ઝડપી લેતા ડ્રાઈવર નાસી છૂટ્યો હતો. પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ હેઠળ આજીડેમ પોલીસમાં ડ્રાઈવર સામે ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટની આજીડેમ ચોકડી પાસે રામપાર્ક સોસાયટીમાં રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા જયેન્દ્રભાઈ અનિલભાઈ ચંદવાણીયા (ઉ.વ.૨૮) નામના યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગૌસેવક તરીકે સામાજિક ફરજ નિભાવું છું. ગતરાત્રે બાતમી મળી હતી કે, રાજકોટથી ગોંડલ તરફ જી.જે.૧૩ એડબલ્યુ- ૭૮૮૨ નંબરના આઈસરમાં પશુઓને ગેરકાયદે કતલખાને લઈ જવાના છે. જેથી અન્ય મિત્રો સાથે ગોંડલ ચોકડીએ વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળું આઈસર નીકળતા પીછો કરી અટકાવતા ડ્રાઈવર નાસી છૂટ્યો હતો. તાલપત્રી હટાવતા અંદર ખીચોખીચ દોરડાથી બાંધેલા ૨૭ પાડા મળી આવ્યા હતા. જેથી નાસી છુટેલા ડ્રાઈવર સામે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ શહેર-જીલ્લાના ૨૯ ASI બન્યા PSI

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજયમાં એએસઆઈ અને પીએસઆઈ બનાવવા માટે મોડ ૩ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં કુલ ૫૬૭ પાસ થયા હતા. જેમાં રાજકોટ શહેરના પ્રવિણસિંહ ઝાલા, જયેન્દ્રસિંહ પરમાર, જયોત્સનાબેન માઢક, હર્ષદસિંહ ચુડાસમા, રાણાભાઈ ચિહલા, ફરીદાબેન કથીરી, પ્રવિણસિંહ ગોહીલ, જગદીશભાઈ પાંડવ, વનીતાબેન બોરીચા, કનુભાઈ માલવીયા, બીપીનભાઈ ગઢવી, રાજેશભાઈ સોલંકી, પારૂલબેન સોલંકી, મધુબેન પરમાર તેમજ રાજકોટ જીલ્લામાંથી ધર્મિષ્ઠાબેન ભંડેરી, અરવિંદભાઈ પરમાર, લક્ષ્મણભાઈ ડીંડોર, દિપકભાઈ જોગેલા, દિલીપભાઈ રામાનુજ, નિર્મલાબેન બારડ, મુસ્તુફાખાન ચૌહાણ, વર્ષાબેન લખધીર, મહમદ રફીક ચૌહાણ, પ્રકાશભાઈ રાવત, સરોજબેન સાંગાણી, લાભુભાઈ સોઢાતર, પ્રવિણભાઈ વાઘેલા અને પ્રભાતભાઈ બાલાસરા, કિરણબેન બલદાણીયા સહિતના હવે પીએસઆઈ થતા તમામને ટુંક સમયમાં જ પોસ્ટીંગની કાર્યવાહી થશે.

જેતપુરમાં અડપલાં કરવા ઈરાદે લઈ જઈ પથ્થરના ઘા મારી બાળકીનું ખૂન કરતા ચકચાર

હત્યામાં અન્ય કોઈની સંડોવણી હતી કે કેમ તે દિશામાં પણ પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે ત્યારે ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે

રાજકોટ, તા.૩૧

રાજકોટ જિલ્લાના જેતપુરમાં સામાકાંઠે આવેલ જનકલ્યાણ વિસ્તારમાં અઢી વર્ષની બાળકીની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવતા પોલીસે બાળકીને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડી સીસીટીવી ફૂટેજના આધારે શકમંદોની અટકાયત કરી પોલીસે તપાસ હાથ ધરી છે. બાળકીના પિતા અને પરિવારજનોનો આક્ષેપ છે કે દારૂના નશામાં આરોપીએ બાળકીની હત્યા નિપજાવી છે તેને ફાંસીની સજા જ થવી જોઇએ.

રાજકોટ જિલ્લાના જેતપુર વિસ્તારમાં સાળીના કારખાનામાં મજૂરી કામ કરતા અને મૂળ બિહારના વતની પંકજ કુમાર (ઉ.વ.૩૩) અને તેમના પત્ની કારખાનામાં કામ કરતા હતા દરમિયાન સાંજના ૫ વાગ્યા આસપાસ બાળકી નજીકમાં ભાગ લેવા ગયેલ હતી. આ દરમિયાન રાજેશ ચૌહાણ નામના શખ્સની દાનત બગડતા અઢી વર્ષની માસુમ બાળકી રિયાને નજીકમાં અવાવરું જગ્યાએ લઇ ગયો હતો જો કે બાળકી સાથે અડપલાં કરતા સમયે બાળકી બુમાબુમ કરવા લાગતા નરાધમે બાળકીને મોઢે ડૂચો દઇ ગળું દબાવી પથ્થર મારી હત્યા નિપજાવી હતી. બાદમાં બાળકીની લાશને કોથળામાં વીંટી અવાવરું સ્થળે ફેંકી દીધી હતી. કારખાનેથી પરત આવેલ બાળકી રિયાના માતા પિતાએ પથી ૭ વાગ્યા સુધી બાળકીની શોધખોળ હાથ ધરી હતી જો કે બાળકી મળી ન આવતા તેમને આ અંગે તેમના પિતરાઈ ભાઈ તેમજ કારખાનાના માલિકને પણ જાણ કરી હતી જે બાદ CCTV કેમેરા ચેક કરતા રાજેશ ચૌહાણ નામનો શખ્સ સાંજના ૫ વાગ્યા આસપાસ બાળકીને લઇ જતો નજરે પડયો હતો. બાદમાં પરિવારજનો પોલીસ સમક્ષ પહોંચ્યા હતા બાદમાં પોલીસે અલગ અલગ દિશામાં તપાસ કરતા બાળકીની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવી હતી જેમાં બાળકીને શરીરે ઇજાના નિશાન જોવા મળતા બાળકીનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડી શકમંદોની અટકાયત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બાળકીના પિતા અને પરિવારજનોએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે બાળકીને કોઈ જ્ઞાન હોતું નથી માટે તેને ચોકલેટ બિસ્કિટની લાલચ આપી દારૂના નશામાં ધૂત આરોપી અવાવરું જગ્યાએ લઇ ગયો હતો.સીસીટીવી ફુટેજમાં દેખાતો શખ્સ પણ બિહારનો જ વતની હોય પણ અમારે તેમની સાથે કોઈ સંબંધ નથી કોઈ દુશમની નથી. કારણ વગર બાળકીની હત્યા નિપજાવી છે. આ આરોપીને ફાંસીની જ સજા થવી જોઈએ. ઉલ્લેખનીય છે કે હાલ જેતપુર પોલીસ દ્વારા હત્યારા રાજેશ ચૌહાણની અટકાયત કરી તેની પુછપરછ હાથ ધરી છે. હત્યામાં અન્ય કોઈ ની સંડોવણી હતી કે કેમ તે દિશામાં પણ પોલીસે વધુ પુછરપચ હાથ ધરી છે ત્યારે ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફિટનેસ એન્ડ ફ્રેસનેસ સેન્ટર ફોર વિમેન (મહિલા જીમ) દ્વારા

મહિલાઓને ઉદ્‌ભવતી મુંઝવણ વિષય પર સેમિનારનું આયોજન

જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડો.અમીબેન મહેતા અને ડો.આરતીબેન ઓઝાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે કાર્યરત ફિટનેસ એન્ડ ફ્રેસનેસ સેન્ટર ફોર વિમેન (મહિલા જીમ) માં મહિલાઓના સ્વાસ્થ્ય સારું રહે એ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.જેના ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફિટનેસ એન્ડ ફ્રેસનેસ સેન્ટર ફોર વિમેન (મહિલા જીમ) તથા મેનોપોઝ સોસાયટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે મહિલાઓને ઉદભવતી વિવિધ મુંઝવણોના વિષય પર સેમિનારનું આવતીકાલ તા.૧ એપ્રિલના રોજ સાંજે ૪ કલાકે સેનેટ હોલ ખાતે આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમમાં જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડો. અમીબેન મહેતા મહિલાઓને માર્ગદર્શન આપશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફિટનેસ એન્ડ ફ્રેસનેસ સેન્ટર ફોર વિમેન (મહિલા જીમ) ના કોઓર્ડિનેટર ડો. આરતીબેન ઓઝાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમમાં મહિલા જીમના સભ્યો ઉપરાંત કોઈપણ મહિલા વિનામૂલ્યે ભાગ લઈ શકશે. આ કાર્યક્રમ નિ:શુલ્ક છે. તેમ જણાવ્યું છે.(૧૩)

ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકાર મિલન દેસાઈ તથા બંસિધર ખત્રીના ચિત્રોના પ્રદર્શનનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટ, તા.૩૧:સ્થાપત્યકલા-શિક્ષણ ક્ષેત્રે નામાંકિત વી.વી.પી. સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર નામાંકિત કલાકારોની ઉત્કૃષ્ટ કૃતિઓના પ્રદર્શન થકી કલાકારોને પ્રોત્સાહન તથા કલાવાંચ્છુઓની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરવાનો અવિરત પ્રયત્ન કરે છે, આજ પરંપરાને આગળ વધારતા 'ઈપ્સા' દ્વારા કાર્યશાળાના સહયોગ થકી ગુજરાતના બે મૂર્ધન્ય સર્જકો સર્વેશ્રી મિલન દેસાઈ તથા શ્રી બંસિધર ખત્રીની પ્રતિજ્ઞીત રચનાઓના પ્રદર્શન 'પરીવર્તન' નું તા.૨ એપ્રિલને રવિવાર થી તા.૬ એપ્રિલને ગુરૂવાર (સાંજે ૩ થી ૭ વાગ્યા સુધી) દરમ્યાન ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, વી.વી.પી.એન્જીનિયરીંગ કેમ્પસ, મોટેલ ધ વિલેજની સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. 'પરીવર્તન' નું ઉદઘાટન આવતીકાલે સાંજે ૬ કલાકે નાટયક્ષેત્રે ગુજરાત ગૌરવ પુરષ્કાર પ્રાપ્ત સિધ્ધહસ્ત નાટયકલાકાર, દિગ્દર્શક,અભિનેતા, તેમજ કાર્યક્રમ સંચાલક ડો.જયોતીબહેન રાજયગુરૂના શુભ હસ્તે કરવામાં આવનાર છે. સમારોહને સફળ બનાવવા સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી લલીતભાઈ મહેતા તથા ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવેનાં વડપણ તથા ઈપ્સાના નિયામક આર્કિ. કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ જહેમત ઉઠાવી રહેલ છે.

શ્રી પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહમાં ઉમટી પડવા બ્રહ્મપરિવારોમાં અનેરો ઉત્સાહ

સ્વ.અભયભાઈ ભારદ્વાજના જન્મદિન બીજી એપ્રિલ, રવિવારના રોજ ભુપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાનાર

કાર્યક્રમના પ્રારંભે શ્રી સુવિખ્યાત જીતુભાઈ દ્વારકાવાળા જમાવટ કરશે: રેકોર્ડ સર્જક ગાયિકા વિધિ ઉપાધ્યાય સૂર અને કંઠ દ્વારા સંમોહિત કરશે જાણીતા મોટિવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલ પ્રેરક વક્તવ્ય આપશે

વિવિધ ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર બ્રહ્મઅગ્રણીઓ મનસુખભાઈ જોશી, ગિજુભાઈ ભરાડ, સુરેશભાઈ નંદવાણાં, ડો.હેમાંગ વસાવડા અને મુકેશભાઈ જોશીને પરશુરામ એવોર્ડ આપી સન્માનિત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

બ્રહ્મ એકતા માટે ભગીરથ કાર્ય કરનાર અને ભગવાન પરશુરામની યાત્રા દ્વારા સમગ્ર ગુજરાત અને ભારતમાં જય પરશુરામનો નાદ જેમણે ઘર ઘર ગૂંજતો કર્યો એવા હૃદયસ્થ અભયભાઈ ભારદ્વાજની પરિકલ્પનાનું પરિણામ એટલે પરશુરામ એવોર્ડ સ્વ. અભયભાઇએ પરશુરામ યુવા સંસ્થાનના માધ્યમથી બ્રહ્મ પરિવારો માટે નિસ્વાર્થ સેવા, શિક્ષણ, ઉદ્યોગ, મેડિકલ, રોજગાર વગેરે ક્ષેત્રે મૂઠી ઊંચેરું પ્રદાન કરનાર અગ્રણીઓને સન્માનિત કરવાના સંકલ્પથી સન ૧૯૯૬માં પરશુરામ એવોર્ડની શરૂઆત કરી હતી. એમની સ્થૂળ વિદાય બાદ પણ એ પરંપરા જળવાઇ રહી છે. અભયભાઈના આગામી જન્મદિનના રોજ પરશુરામ એવોર્ડ (૨૦૨૩) અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પણ વિવિધ ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર અગ્રણીઓ મનસુખભાઈ જોશી, ગિજુભાઈ ભરાડ, સુરેશભાઇ નંદવાણા ડો. હેમાંગ વસાવડા, અને મુકેશભાઇ જોશીને આગામી રવિવારને સાંજે ૫:૩૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે સન્માનિત કરાશે, પરશુરામ એવોર્ડ આપી સન્માનિત કરાશે.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રહેશે. મુખ્ય અતિથિ તરીકે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા રહેશે. આ કાર્યક્રમમાં

પાવનકારી સંતો સર્વ પૂ. રાધારમણ સ્વામી (કોઠારી સ્વામી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, રાજકોટ), સ્વામિનારાયણ સનાતન આશ્રમ ખીરસરાના પૂ. ભક્તિ સ્વામી, બાલાજી હનુમાન મંદિર રાજકોટના કોઠારી પૂ.વિવેક સ્વામી, ભુવનેશ્વરી પીઠ ગોંડલના પૂ. શ્રી ઘનશ્યામજી મહારાજ, સંત પૂરણધામ ધુનડાના પૂ. જેન્તીરામ બાપા અને કાળ ભૈરવ મંદિર, પાલીતાણાના શાસ્ત્રી પૂ. રમેશભાઈ શુક્લની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

અતિથિ વિશેષ પદે સંગીતકાર પંકજ ભટ્ટ, જાણીતા મોટિવેશનલ સ્પીકર સંજય રાવલ, જાણીતા લોકસાહિત્યકાર સાંઈરામ દવે, જીતુભાઇ દ્વારકાવાળા, ભાજપ તથા બ્રહ્મસમાજ અગ્રણી નીતિનભાઇ ભારદ્વાજ, તથા સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ છેલભાઇ દવે રહેશે. સામાન્ય રીતે સન્માનમાં શાલ કે પ્રમાણપત્ર કે સ્મૃતિચિહ્ન અપાતા હોય છે પરંતુ પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પરશુરામ એવોર્ડની વિશેષતા એ છે કે જે અગ્રણીઓની સન્માન માટે વરણી થઇ છે તે સર્વેનું પંચઉપહાર જેમાં પ્રમાણપત્ર, શાલ, પરશુ (ફરસી), શ્રીફળ-પડો અને દ્રાક્ષની માળા દ્વારા સન્માન કરવામાં આવશે. સ્વામિનારાયણ મંદિરના પવિત્ર પરિસરમાં આ ભવ્ય સમારોહ યોજાશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદઘોષક મેહુલ દવે કરશે. કાર્યક્રમના અંતે હજારો ભૂદેવો ભોજનપ્રસાદ ગ્રહણ કરશે. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા પરશુરામ યુવા સંસ્થાનના પ્રમુખ અંશ અભયકુમાર ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ થઇ રહી છે. વિવિધ સમિતિઓ રચાયેલ છે અને કાર્યક્રમને આખરી ઓપ અપાઈ રહેલ છે. હજારો ભૂદેવો આ કાર્યક્રમમાં આવી સ્વ. અભયભાઈને અંજલિ સમાન આ સમારંભમાં ઉમટી પાડવા અને બ્રહ્મ એકતાના સ્વપ્ન સાકાર કરવા થનગની રહ્યા છે.(૪)

વોર્ડ નં.૧૬માં પેવર કામનું ખાતમુહૂર્ત મેયર ડો. પ્રદીપ ડવ અને ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાના હસ્તે કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

વોર્ડ નં.૧૬માં મધુવન પાર્ક અને ઋષિકેશ સોસાયટીમાં પેવર કામનું ખાતમુહૂર્ત મેયર ડો. પ્રદીપ ડવ અને ડે. મેયર કંચનબેન સિધ્ધપુરાના વરદહસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૧૬ના કોર્પોરેટર તથા ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન નરેન્દ્રભાઈ ડવ, સુરેશભાઈ વસોયા, રૂચીતાબેન જોષી, વોર્ડ નં.૧૬ના પ્રભારી અશ્વિનભાઈ મોલીયા, વોર્ડ પ્રમુખ ભાર્ગવભાઇ મિયાત્રા, વોર્ડ મહામંત્રી જતીનભાઇ પટેલ, જીતુભાઈ સિસોદિયા, દિલીપસિંહ જાડેજા, રાજુભાઈ રાવલ, નાગજીભાઈ રાદડીયા, નીશીતભાઈ પટેલ, પ્રકાશભાઈ બસીયા, ભરતભાઈ ટોળિયા, ઘનશ્યામભાઈ પરમાર, રાજેશભાઈ દુદકીયા, નીશુભાઈ ચૌહાણ, પરેશભાઈ જોબનપુત્રા, કિશનભાઈ જોબનપુત્રા, પ્રશાંતભાઈ, ઉદયભાઈ ડાંગર, બાબુભાઈ ડાંગર, ચાંદનીબેન ગોંડલિયા, દેવિકાબેન રાવલ, ભાવનાબેન કાચા, મનીષાબેન ગોહિલ, દીપાલીબેન પરમાર, હંસાબેન પરમાર, ભાવનાબેન ઉનાગર, માલતીબેન પારમાર, કિરણબેન કરીયા, ઉષાબેન લોહાણા, ખુશાલી ઉનાગર તથા તમામ મોરચાના કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા તેમજ વિસ્તારના રહેવાસીઓ અને વેપારી મિત્રો પણ આ વિકાસના કાર્યમાં જોડાઈને ખુશીની લાગણી વ્યકત કરી હતી.(૧૩)

વડોદરા ખાતે યોજાનાર ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન 'ટી-૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ'માં ભાગ લેવા રાજકોટની મેયર ઈલેવન જશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ મેયર ઈલેવન તથા ગાંધીનગર મેયર ઈલેવન વચ્ચે આવતીકાલે સાંજે ૪ કલાકે ફાઈનલ રમાશે

ગુજરાતની તમામ મહાનગર પાલિકાઓ વચ્ચે દર વર્ષે ઇન્ટર કોર્પોરેશન ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ચાલુ સાલ આ ટુર્નામેન્ટ આજે તા.૩૧ થી તા.૪ એપ્રિલ દરમ્યાન વડોદરા ખાતે યોજાનાર છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગર પાલિકાની મેયર ઈલેવન જનાર છે.

આ અંગે માહિતી આપતા મેયર ડો. પ્રદીપભાઈ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા જણાવે છે કે, ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓના પદાધિકારીઓ તથા અધિકારીઓની ટીમ વચ્ચે દર વર્ષે 'ઇન્ટર કોર્પોરેશન ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવે છે. ચાલુ સાલ વડોદરા મહાનગરપાલિકાના યજમાન પદે આ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાનાર છે. જેમાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગર પાલિકાની ટીમ જનાર છે.

આ ટીમમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેન કશ્યપભાઈ શુક્લ, કોર્પોરેટર ડો. નેહલભાઈ શુકલ, બાબુભાઈ ઉધરેજા, નીતિનભાઈ રામાણી, પરેશભાઈ ડી. પીપળીયા, કેતનભાઈ પટેલ, નિલેશભાઈ જલુ, પરેશભાઈ આર. પીપળીયા, કાળુભાઈ કુંગશીયા, ડો. હાર્દિકભાઈ ગોહિલ, જીતુભાઈ કાટોળિયા તથા નરેન્દ્રસિંહ વાઘેલા સહિત કુલ ૧૬ વ્યકિતની ટીમ આવતીકાલ તા.૧ એપ્રિલના રોજ ૧૨ કલાકે પહોંચશે.

આ ટુર્નામેન્ટમાં રાજકોટ મેયર ઈલેવન તથા ગાંધીનગર મેયર ઈલેવન વચ્ચે આવતીકાલ તા.૧ એપ્રિલના રોજ સાંજે ૪ કલાકે મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ, વડોદરા ખાતે ક્વાર્ટર ફાઈનલ મેચ યોજાશે.

આજથી તા.૨ એપ્રિલ દરમ્યાન કુલ ૮ ટીમ વચ્ચે યોજાનાર ક્વાર્ટર ફાઈનલ મેચમાં વિજેતા થનાર ૪ ટીમો વચ્ચે સેમિફાઈનલ મેચ તા.૨ અને તા.૩ એપ્રિલના રોજ યોજાશે. જેમાં વિજેતા થયેલ ૦૨ ટીમો વચ્ચે ફાઈનલ મેચ તા.૪ એપ્રિલના રોજ સાંજે ૭:૩૦ કલાકે યોજાશે. તેમ જણાવ્યું છે.(૧૩)

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઈન્ડો-આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે

આફ્રિકામાં વેપારની રહેલ વિપુલ તકો અંગે સેમિનાર યોજાયો

ઈન્ડો. આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સેક્રેટરી જનરલ સુનંદા રાજેન્દ્રનએ સેમિનાર અંગે માર્ગદર્શન આપ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઈન્ડો-આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે આફ્રિકામાં વેપારની રહેલ વિપુલ તકો અંગે ગત તા.૨૮ માર્ચના રોજ બપોરે ૪ વાગે રાજકોટ ચેમ્બર હોલ, કરણસિંહજી રોડ રાજકોટ ખાતે સેમિનાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વેપાર-ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ. સેમિનારમાં ખાસ ઉપસ્થિત ઈન્ડો-આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સેક્રેટરી જનરલ સુનંદા રાજેન્દ્રનએ સેમિનાર યોજવામાં બદલ આભાર વ્યક્ત કરેલ. આફ્રિકમાં વેપારની કેવી કેવી તકો રહી છે ત્યારે આ માટે આપણે શું કરવું જોઈએ તેની જાણકારી આપતા જણાવેલ કે, આફ્રિકામાં કુલ ૫૪ શહેરો છે અને તેમાં ૫ ઝોન છે ઈસ્ટ, વેસ્ટ, નોર્થ, સધર્ન અને સેન્ટ્રલ આફ્રિકા તરીકે જાણીતું છે. તેની જાણ આપણને હોવી ખાસ જરૂરી છે. ઝોન વાઈસ કેટલું પોપ્યુલેશન અને તેના GDP વિશે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા સંપુર્ણ માહિતી આપેલ. તેમજ રાજકોટના ઉદ્યોગકારો પોતાનો બિઝનેશ ડેવલોપ કરવા માંગતો હોય

તો રાજકોટ ચેમ્બર અને ઈન્ડો-આફ્રિકન ચેમ્બર સંપુર્ણપણે સહયોગ આપશે.

ત્યારબાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી. મોરી તથા કું. ખિલના મહેતાએ ગુજરાત સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગીક સ્કિમ-૨૦૨૨ અંતર્ગત એકમોને કેટેગરી મુજબ મળવપાત્ર કેપિટલ સબસીડી, વ્યાજ સહાય, નેટ એસ.જી.એસ.ટી. રીમ્બર્સમેન્ટ, ઈ.પી.એફ. રીમ્બર્સમેન્ટ, ઈલેકટ્રીસીટી ડયુટી, તેમજ અન્ય મળવપાત્ર લાભો તથા માર્કેટ ડેવલોપેન્ટ આસિસટન્ટ (MDA) સ્કિમ અંતર્ગત ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રિય અકઝીબીશનમાં ભાગ લેવા માટે મળવાપાત્ર લાભોની પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ.

સેમિનારના અંતે રાજકોટ ચેમ્બરના ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયાએ ઉપસ્થિત અધિકારીઓ તથા વેપાર-ઉદ્યોગકારોનો સેમિનારમાં હાજરી આપવા બદલ આભાર વ્યક્ત કરી સમગ્ર સેમિનારનું સંચાલન કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.(૧૩)

તલગાજરડા ખાતે હનુમાન જન્મોત્સવના ઉપલક્ષમાં એવોર્ડ અર્પણ સમારોહ તેમજ સંગીત મહોત્સવ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

આગામી તા.૪-૫-૬ એપ્રિલ દરમ્યાન ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે હનુમાન જન્મોત્સવ ઉજવવામાં આવશે. પ્રતિવર્ષ યોજાતા હનુમાન જન્મોત્સવના કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે વિવિધ ક્ષેત્રના તેર મહાનુભાવોની એવોર્ડથી વંદના કરવામાં આવશે. જેમાં (૧) સંજય ઓઝા (અવિનાશ વ્યાસ એવોર્ડ) (૨) વૃંદાવન સોલંકી (કૈલાસ લલિતકલા એવોર્ડ) (૩)અજીત ઠાકોર (વાચસ્પતિ (સંસ્કૃત) એવોર્ડ) (૪) ડો.નિરંજના વોરા (ભામતી, (સંસ્કૃત) એવોર્ડ) (૫) સ્વ. કિશનભાઈ ગોરડિયા (સદ્‌ભાવના એવોર્ડ) (૬) ચંપકભાઈ એલ. ગોડિયા (ભવાઈ નટરાજ એવોર્ડ) (૭) અમિત દિવેટિયા (ગુજરાતી રંગમંચ, નાટક, નટરાજ એવોર્ડ) (૮) સુનીલ લહેરી (હિન્દી ટીવી શ્રેણી, નટરાજ એવોર્ડ) (૯) જેકી શ્રોફ (હિન્દી ફિલ્મ-નટરાજ એવોર્ડ) (૧૦) વિદુષી રમા વૈદ્યનાથન (ભરતનાટ્યમ,નૃત્ય, હનુમંત એવોર્ડ) (૧૧) ઉસ્તાદ ફઝલ કુરેશી (તબલાં તાલવાદ્ય, હનુમંત એવોર્ડ) (૧૨) પંડિત રાહુલ શર્મા (સંતુર,શાસ્ત્રીય વાદ્યસંગીત,

૧૩ મહાનુભાવોને એવોર્ડ અર્પણ કરી નવાજાશે

હનુમંત એવોર્ડ) (૧૩) પંડિત ઉદય ભવાલકર (શાસ્ત્રીય ગાયન-હનુમંત એવોર્ડ) મુખ્ય છે.

આ ઉપરાંત તા.૪ એપ્રિલની રાત્રિએ ૮ વાગ્યે પંડિત ઉદય ભવાલકર દ્વારા શાસ્ત્રીય ગાયન રજુ કરવામાં આવશે જેમાં ચિંતન ઉપાધ્યાય (ગાયન) અને પ્રતાપ અવાડ (પખાવજ) સંગતી કરશે. એ જ ક્રમમાં આગામી તા.૫ એપ્રિલની રાત્રિએ ૮ વાગ્યે શાસ્ત્રીય વાદ્યસંગીત શ્રેણી અંતર્ગત પંડિત રાહુલ શર્મા દ્વારા સંતુરવાદન પ્રસ્તુત થશે જેમાં ઉસ્તાદ ફઝલ કુરેશી સંગતિ કરશે. આગામી તા.૬ એપ્રિલ એટલે હનુમાન જમોત્સવનો શુભ દિવસ. સવારે ૮:૩૦ કલાકે ચિત્રકૂટધામ ખાતે સુંદરકાંડનો પાઠ થશે અને હનુમાનજીની આરતી થશે. એ પછી વિદુષી રમા વૈદ્યનાથન દ્વારા ભરતનાટ્યમ પ્રસ્તુત કરવામાં આવશે. ત્યારબાદ એવોર્ડ અર્પણવિધિ થશે અને અંતમાં હનુમાન જન્મોત્સવ સંદર્ભે પૂજ્ય બાપુ દ્વારા પ્રાસંગિક અભિવ્યક્તિ કરવામાં આવશે. રાત્રિ કાર્યક્રમો ચિત્રકૂટધામની યુ ટ્યુબ ચેનલ પર જોઈ શકાશે અને એવોર્ડ વિતરણ સમારોહનું અસ્થા ટીવી પર પ્રસારણ થશે. તેમ વિગતો આપતા કૈલાસ ગુરૂકુળ,મહુવાથી જયદેવ માંકડે જણાવ્યું હતુ.(૪)

અવસાન નોંધ

પંકજ રેસ્ટોરેન્ટ વાળા સ્વ.કિશોરભાઈ પોપટભાઈ ગોહેલ(ઉ.વ.૭૬)જે હિતેશભાઈ, કમલેશભાઈ, રાજેશભાઈ તથા પ્રવિણાબેનના પિતા તથા મનસુખભાઈ અને હર્ષદભાઈના મોટાભાઈનું ગુરૂવારના રોજ અવસાન થયું હતું.સદગતનું બેસણું આવતીકાલે તા.૧-૪ ના રોજ શનિવારના રોજ તેમના નિવાસસ્થાન આશીર્વાદ સમૃદ્ધિ સોસાયટી શેરી નંબર.૪,આલાપ ગ્રીન સીટીની પાછળ અમૃત પાર્કની બાજુમાં રૈયા રોડ ખાતે સાંજ ના ૪ થી ૬ વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે.

હરિબાપા આર્ટસ-કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યુવા ઉત્સવ યોજાયો

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૩૧

શ્રી હરિબાપા આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ યુવા ઉત્સવ યોજાયો હતો.

જસદણની હરિબાપા આર્ટસ અને કોમર્સ કોલેજના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ કોલેજના વિદ્યાર્થીઓનો વાર્ષિક ઉત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, યુવા ઉત્સવ યોજાયા હતા. કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતુ. ત્યારબાદ માં ભવાની અંગે ડાન્સ , ભોળા ભરવાડ મને ગમતો શબ્દો ઉપર વિદ્યાર્થી ભાઈઓ દ્વારા ગરબો, જૂની અને નવી પેઢી અંગેની કૃતિ, સાયબર ક્રાઇમ અંગેનું નાટક, હેલારો ગરબો વગેરે કૃતિઓ, સંસ્કૃતિ કાર્યક્રમ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. હરીબાપા કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ મહેતાએ હરિબાપા કોલેજની સ્થાપના જસદણના પૂજ્ય સંત હરિરામ બાપાની પ્રેરણા-કૃપા અને આશીર્વાદ સાથે થઈ હોવાનું તેમજ કોલેજ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિ તેમજ કોલેજ દ્વારા આગામી વર્ષોમાં નવું અદ્યતન બિલ્ડીંગ બનાવવા અંગેની માહિતી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાએ તેમની જોશીલી શૈલીમાં કોલેજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ દેખા દેખી કરવાની જરૂર નથી પરંતુ કોઈપણ ધ્યેય નક્કી કરીને સારી ડિગ્રી પ્રાપ્ત કરીને કે સારા બિઝનેસમેન બનીને સમાજમાં સારું સ્થાન પ્રાપ્ત કરવું જોઈએ. ડો. બોઘરાએ તેમના કોલેજ કાળ દરમિયાનના પ્રેરણાદાયી સંસ્મરણો પણ વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, અત્યારે ગૂગલમાંથી બધું જ મળે છે પરંતુ સારા સંસ્કારો કોલેજના પ્રમુખ ભરતભાઈ પોપટ સહિતના લોકોએ પ્રસંગિક પ્રવચન કર્યા હતા. કોલેજના પ્રિન્સિપાલ મનોજભાઈ ખૂટ, નારી ગ્રુપના રૂપલબેન મહેતા, જસદણ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ ધાધલ, હરિશભાઈ પોપટ, કિરીટભાઈ મણિયાર, જયુભાઈ બોરીચા, સંજયભાઈ હરભોલે, નિલેશભાઈ રાઠોડ, ચંદુભાઈ કચ્છી, અલ્પેશભાઈ રૂપારેલિયા, ચીફ ઓફિસર રાજુભાઈ શેખ, પંકજભાઈ ચાવ, બાબુભાઈ બોરીચા, પ્રવીણભાઈ ગોટી, નરેશભાઈ દરેડ, હરપિભાઈ ધાધલ, રફિકભાઈ રવાણી, મિતેશભાઈ પરમાર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બાકી વેરામાં હપ્તા યોજનાનો આજે છેલ્લો દિવસ

વધુમાં વધુ કરદાતાઓને યોજનાનો લાભ લેવા અનુરોધ કરતા મેયર, સ્ટે.ચેરમેન, મ્યુ.કમિશનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે તા.૩૧-૩ ના રોજ નાણાંકીય વર્ષના છેલ્લા દિવસે ત્રણેય ઝોનના સિટી સિવિક સેન્ટર ખાતે સાંજના ૮ વાગ્યા અને તમામ વોર્ડ ઓફિસ તથા અન્ય ત્રણ સિટી સિવિક સેન્ટર ખાતે સાંજના ૬ વાગ્યા સુધી નાગરિકો માટે ટેક્સ ભરપાઈ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જ્યારે ઓનલાઈન ટેક્સ પેમેન્ટ રાત્રિના ૧૨ વાગ્યા સુધી થઈ શકશે. **"One Time Installment Scheme"** નો લાભ લેવા માટે રજીસ્ટ્રેશનની અંતિમ તા.૩૧-૩ હોઇ વધુમાં વધુ કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા મેયર ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ. કમિશનર અમિત અરોરા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

રવિવારે રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા

એઈમ્સ હોસ્પિટલ ખાતે CPR તાલીમ કેન્દ્ર યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

ગુજરાતમાં નાની વયે ક્રિકેટ રમતા-રમતા ઓચિંતા જ હૃદય બંધ(હાર્ટએટેક) પડી જવાના કિસ્સાઓનું પ્રમાણ વધતા યુવાનોમાં મૃત્યુદરનું પ્રમાણ વધી જતા ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા રાજ્યભરમાં **CPR** તાલીમ કેન્દ્રનું આયોજન અધ્યક્ષ સી.આર.પાટીલની સુચના અનુસાર તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ યોજાશે. જીલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયાના અધ્યક્ષસ્થાને તેમજ **CPR** તાલીમના ઇન્ચાર્જ તથા જીલ્લા મહામંત્રી મનસુખભાઈ રામાણી, ડો.દિપકભાઇ પીપળીયા, સીમાબેન જોશીના માર્ગદર્શન હેઠળ જીલ્લા ભાજપા દ્વારા **CPR** તાલીમ કેન્દ્ર અભિયાનનો કાર્યક્રમ રવિવારે **AIIMS** હોસ્પિટલ, જામનગર રોડ, ખાતે યોજાશે.

જીલ્લાના તમામ મંડલોમાંથી ૧૦૦ થી વધારે કાર્યકર્તાઓનું રજીસ્ટ્રેશન કરાશે

આ **CPR** તાલીમ કેમ્પમાં જીલ્લાના તમામ મંડલોમાંથી ૧૦૦થી વધારે કાર્યકર્તાઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ **CPR** તાલીમમાં ભાગ લેનાર તમામ કાર્યકર્તાઓને પાર્ટીનું અને **ISA**નું એમ બે સર્ટિફિકેટ આપવામાં આવશે. તેમ જણાવ્યું છે.

નગર પીપળીયા ગામ ખાતે સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

વર્તમાન સમયમાં મિશ્ર ઋતુના કારણે વકરેલા રોગચાળાને ધ્યાનમાં લઈને તાજેતરમાં આણંદપર સ્થિત ગાર્ડી વિદ્યાપીઠમાં આવેલ વી. એમ. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદ, સ્વ. આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલ અને નગર પીપળીયા ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં નગર પીપળીયા ગામનાં બાળકોથી લઈને વયસ્કો સહિત ૮૫ થી વધુ લોકો એ લાભ લીધો હતો અને તપાસ બાદ તમામને નિઃશુલ્ક દવાઓ પુરી પાડવામાં આવી હતી.

આ સર્વ રોગ નિદાન મેડિકલ કેમ્પમાં સ્વ. આર.એસ. શાહ હોસ્પિટલના વિવિધ તબીબ નિષ્ણાંતો ડો. સલીમ ગોહેલ, ડો. જયેશ કાત્રોડિયા, ડો. ડીના પારેખ, ડો. શ્રધ્ધા વ્યાસ, ડો. દેવાંગી ઓઝા, ડો.શાહેદા લોખંડવાલા, ડો. ડી.પી. મહેતા અને ઇન્ટર્ન ડોક્ટર હાજર રહી સેવા પુરી પાડી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. જી.ડી. ગોહિલ તેમજ આર.એમ.ઓ.ડો. હેમાંશું જોશીએ ખાસ ઉપસ્થિત રહીને સર્વે ગ્રામજનોને સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું.

આ મેડિકલ કેમ્પમાં વિવિધ રોગો જેવા કે હરસ, મસા, ભગંદર, શરદી, તાવ, સાંધાના દુખાવા, આંખના રોગો, કાનનાં રોગો, સ્ત્રીરોગ, બાળરોગ તેમજ બીજા ઘણા રોગોનું સંપૂર્ણ નિદાન કરીને આયુર્વેદ પદ્ધતિથી સારવાર આપવામાં આવી હતી. આ સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી.વી. મહેતા, વાઈસ ચેરમેન કિરણભાઈ શાહ તથા મેનેજિંગ ડિરેક્ટર જય મહેતાએ વી. એમ. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદ કોલેજના આચાર્ય ડો. ગિરિરાજસિંહ ગોહિલ અને સર્વે તબીબોને અભિનંદન પાઠવ્યા હતા.

સંભારણા

નારીની ઊર્જા

આમ તો દરેક શરીરમાં નારી ઉર્જા **(Feminine energy)** હોય છે પણ સ્ત્રીના શરીરમાં તે વધારે પ્રમાણમાં હોય છે. આ એવી ઊર્જા છે જે દરેકને પોષણ આપે છે, પ્રેમ કરે છે અને ક્ષમા આપીને બધું સાચવી લે છે. ઘરમાં અને આપણી આજુબાજુ આ ઉર્જા હોવી એ બહુ મોટી વાત છે.

આકાશમાં સૂર્ય આખો દિવસ શું કરે છે? પણ માત્ર તેના હોવાથી જ આ પૃથ્વીને ઊર્જા મળતી રહે છે તેવી જ સ્ત્રીના અસ્તિત્વની ઉર્જા છે. આ ઉર્જા હોવાથી ઘરમાં સ્નેહ, સંબંધોમાં ભીનાશ, ઉત્સાહ, ઘરમાં સુંદરતા જળવાઈ રહે છે. તે પોતાની ઊર્જાનો ઉપયોગ કરીને જે પણ કામ કરે છે જેમ કે રસોઈ કરવી, ઘરને સજાવવું, ચોખ્ખું અને વ્યવસ્થિત રાખવું જેવી વાત ઘર માટે વરદાન છે.

એકલા રહેતા પુરૂષના ઘરનું ઉદાહરણ લઈએ તો ત્યાં જઈએ ત્યારે કંઈક ખૂટે છે એવું લાગે. કેમ કે ત્યાં સ્ત્રીની ઉર્જા નથી. અથવા ઘરની મા પત્ની બેન બહારગામ ગઈ હોય ઉપરથી ઘરમાં જો કોઈ સ્ત્રી હેલ્પર ન હોય તો જોઈ લો તે ઘર કેવું લાગે છે. કદાચ શરૂના બે દિવસ બધું બરાબર લાગે પણ દિવસેને દિવસે ઘરનું ઘર પણું ઓછું થવા લાગે છે. ઘરની પોઝિટિવ એનર્જી જતી રહી હોય એવું ભાસે છે કેમ કે અહીં સ્ત્રીની ઉર્જા ફરી નથી રહી.

દીકરીના લગ્ન પછી ઘર સાવ ખાલી,ઊર્જા હિન ભાસવા માંડે છે કેમ કે તે પોતાની સાથે આ ઘરની ઊર્જા લઈને

લેખિકા: પુનમ શાહ –મુંબઈ.

જાય છે. અરે, ઘરમાં બાળકી હોય અને તે જો બે ચાર દિવસ ક્યાંક જાય તો ઘરની જીવંતતા ઓછી થઈ જાય છે કેમ કે તે ઊર્જા આ નાનકડી બાળકીમાં પણ છે. આ ઉર્જા પ્રકૃતિના સર્જનની ઉર્જા છે. ઘરની પ્રગતિ, વ્યક્તિની પ્રગતિ, તમામનો વિકાસ તેમજ સફળતામાં તેની આ ઉર્જાનો ઉપયોગ થાય છે. ઘરના બાળકોની અભ્યાસમાં પ્રગતિ આ સરસ્વતી રૂપી સ્ત્રીને લીધે જ છે. ઘરની આર્થિક સફળતામાં આ લક્ષ્મી સ્વરૂપે છે.

ઘરમાં રહેતી દરેક સ્ત્રી શું આપે છે? તે શું કરે છે? એવું પૂછાય છે. પણ તેણે બીજું કશું કરવાની જરૂર જ નથી (જોકે તે ઘણું કરતી હોય છે). તેના અસ્તિત્વનું મૂલ્ય એટલું છે કે તેને પૈસામાં ગણી શકાય નહીં. જ્યાં તેનો અનાદર, અપમાન, તેની શક્તિનું શોષણ કરવામાં આવે ત્યાં તે નકારાત્મક બની જાય છે અને આખા ઘરને આનું પરિણામ ભોગવવું પડે છે. તેથી જ સ્ત્રીને આપણી સંસ્કૃતિમાં દેવી તરીકે પૂજાય છે. પૂજા પ્રતિકાત્મક છે. પૂજા એટલે આદર અને પ્રશંસા છે.

મને લાગે છે કે દરેક નારીને પોતાનામાં રહેલી આ ઉર્જાની ખાતરી હોય તો તેના મનમાં આવેલ અપરાધી ભાવ અને હિનતા જતી રહેશે.તેનામાં વીજળી જેવી ઊર્જા જે દેખાતી નથી પણ હોય છે. તે કામ કરે છે કે નહીં, તે પૈસા કમાય છે કે નહીં, તેના આધારે પોતાની જાતને માપવાની જરૂર નથી. તમારું ઘરમાં રહેવું જ બહુ અમૂલ્ય છે એ સમજી લેજો.

શહેરના સાવલીયા પરિવાર દ્વારા

સ્વજનોની સ્મૃતિમાં રવિવારે રકતદાન શિબિર યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧: ગં.સ્વ. રંજનબેન રમેશભાઈ સાવલીયા પરિવાર દ્વારા પોતાના પરિવારના બે દિવંગત સ્વજનો સ્વ.ડુંગરબાપા અને સ્વ. રમેશભાઈની પૂણ્ય સ્મૃતિમાં તેમજ પરિવારની દીકરી અવનીના જન્મદિવસ નિમિતે થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે શહેરની જાણીતી ફિલ્ડ માર્શલ બ્લડ બેંકના રવિવારે રકતદાન શિબિર તા.૨-૪ રવિવારના રોજ સવારના ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી ૧-તંતીપાર્ક, ખોડીયારકૃપા, કરણપાર્ક પાસે, એસ્ટ્રોન સોસાયટી સામે યોજવામાં આવેલ છે. રકતદાતાઓને સ્મૃતિભેટ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સમગ્ર આયોજનની સફળતા માટે પરિવારના રંજનબેન, અંકિતભાઈ, વ્યોમાબેન, અવનીબેન, હર્ષિલભાઈ મિહિલ અને સમગ્ર સાવલીયા પરિવાર કાર્યરત છે. તેમ અનુપમ દોશીએ જણાવ્યું છે.

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

જસદણના જલારામ મંદિરે પાંચ દિવસની સુંદરકાંડ કથા યોજાશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૩૧

જસદણના જલારામ મંદિરે સુંદરકાંડ કથા-હનુમંત ચરિત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જસદણના જલારામ મંદિરના ૪૨ માં પાટોત્સવ પ્રસંગે પૂજ્ય સંતશ્રી હરિરામ બાપાની પ્રેરણાથી જલારામ સત્સંગ મંડળ જસદણ તથા સમસ્ત હરિ પરિવાર દ્વારા જલારામ મંદિર ખાતે સુંદરકાંડ કથા-હનુમંત ચરિત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ વાળા શાસ્ત્રી ઈશ્વરચંદ્ર વ્યાસ કથાનું રસપાન કરાવશે તા.૨-૪ ને રવિવારે સવારે ૯ કલાકે કથા પ્રારંભ થશે તથા તા.૬-૪ ને ગુરૂવારે બપોરે ૧૨ કલાકે કથાની પૂર્ણાહુતિ થશે. કથા દરમિયાન જસદણ સમસ્ત સાધુ સમાજ માટે દરરોજ બપોરે ૧૧ કલાકે ભોજન પ્રસાદ યોજાશે તેમજ બપોરે ૧૨:૩૦ કલાકે તથા સાંજે ૭:૩૦ કલાકે ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કથા દરમિયાન સવારે અને રાત્રે સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસાના પાઠ, રામધૂન, આરતી, ભજન કીર્તન વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. કથા શ્રવણનો લાભ લેવા જસદણ જલારામ મંદિર તેમજ સમસ્ત હરી પરિવારે અનુરોધ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જસદણના જલારામ મંદિરે પૂજ્ય સંતશ્રી હરિરામ બાપાની પ્રેરણાથી છેલ્લા ૪૨ વર્ષથી અખંડ રામધૂન તેમજ અન્નક્ષેત્ર ચાલે છે.

બીલખા નૂરસતાગોરધામમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શકિત સંગઠન દ્વારા છઠ્ઠા સમૂહ લગ્નોત્સવ યોજાશે

(કિશન મોરબીયા દ્વારા)

બીલખા, તા.૩૧

સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શકિત સંગઠન દ્વારા જૂનાગઢ જિલ્લાના બીલખાના નવાગામમાં આવેલ સમસ્ત ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના ગુરૂદ્વાર શ્રી નૂરસતાગોર ધામ ખાતે આગામી તા.૨-૪ ને રવિવારે રાત્રે છઠ્ઠા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નમાં ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના ઓગણીસ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે તેમજ સાથો સાથ વ્યસન મુકિત, બેટી બચાવો, બેટી પઢાવોના સંકલ્પ પણ લેવડાવવામાં આવશે. ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શકિત સંગઠન દ્વારા આયોજીત આ છઠ્ઠા સમૂહ લગ્નોત્સવમાં ખાંટ રાજપૂત સમાજના દાનવીરોનો સન્માન સમારોહ પણ યોજવામાં આવશે. આ સમૂહલગ્નમાં ખાંટ રાજપૂત સમાજના જ્ઞાતિરત્ન લોકસાહિત્યકાર અને હાસ્યકાર ધીરૂભાઈ સરવૈયા ખાસ ઉપસ્થિત રહી નવ યુગલોને આશિર્વચન પાઠવસે, આ સમૂહ લગ્નમાં ખાંટ રાજપૂત સમાજના કુળગોળ વિશાલભાઈ ઠાકર નવ યુગલોને હિન્દુ શાસ્ત્રોક્ત સંસ્કૃતિ પરંપરા મુજબ વિધિ કરાવશે. જ્યારે આ પાંચમા સમૂહ લગ્નોત્સવના અધ્યક્ષ કે.પી.ગુજરાતી, મુકેશભાઈ ઝાલા, રમેશભાઈ મકવાણાની, ભૂરાભાઈ મકવાણા, પ્રવીણભાઈ વાઘેલા તેમજ હરેશભાઇ મકવાણાની તેમજ ભાવેશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં યોજાશે, આ છઠ્ઠા સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા ક્ષત્રિય ખાંટ રાજપૂત યુવા શકિત સંગઠનના એક હજાર જેટલા યુવાનો તેમજ ખાંટ રાજપૂત સમાજના સ્વયંમ સેવકો ખડેપગે રહી જહેમત ઉઠાવશે તેમ પાંચમા સમૂહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ મનસુખભાઈ ડાભીની યાદીમાં જણાવાયું છે.

જ્ઞાતિરત્ન લોકસાહિત્યકાર ધીરૂભાઈ સરવૈયા ખાસ ઉપસ્થિત રહેશે

યુવા સેના ટ્રસ્ટ દ્વારા

શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

૧૧ દીકરીઓના સમૂહલગ્ન તથા સર્વ પિતૃ મોક્ષાર્થે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા ૧૧ દીકરીઓના સમૂહલગ્ન તથા સર્વ પિતૃ મોક્ષાર્થે આગામી તા.૧૪-૪ ના રોજ અંબા માતાજી મંદિર, જીવરાજ પાર્ક, ખાતે મહિલા સત્સંગ મંડળ, તેમજ સેવકગણના સાથ-સહકારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સંગીતમય શૈલીમાં પ્રખર ભાગવત આચાર્ય શાસ્ત્રી પિયુષભાઈજી (રાજકોટ) ના વ્યાસાસને રસાળ શૈલીમાં કથાનું રસપાન કરાવવામાં આવશે. આ અવસરે અંબાજી માતાજી મંદિરના મહંતશ્રી શાસ્ત્રી શ્રી પ્રફુલ્લભાઈ આચાર્યની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

કથાના મુખ્ય પાવન પ્રસંગો તા.૧૪-૪ થી સાંજે ૪ કલાકે પોથીયાત્રા, તા.૧૬-૪ રવિવારે નૃસિંહ પ્રાગટય, તા.૧૭-૪ ના રોજ ભગવાન શ્રી રામનો જન્મોત્સવ તેમજ ૧૮-૪ ના રોજ શ્રી કૃષ્ણ પ્રાગટયોત્સવ, તા.૧૯-૪ ના રોજ ગોવર્ધનલીલા ચરિત્ર, તથા શ્રી કૃષ્ણ-રૂક્મણી વિવાહ અને તા.૨૦-૪ ના રોજ સુદામા ચરિત્ર અને પરિક્ષિત પ્રસંગોનું શાસ્ત્રી શ્રી પિયુષભાઈજી સંગીતમય શૈલીમાં કથાશ્રવણ પાન ભાવિક ભક્તજનોને કરાવશે. આ સેવા યજ્ઞને સફળતાપૂર્વક પાર પાડવા ટ્રસ્ટ પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલાના નેતૃત્વમાં વિવિધ સમિતિઓની રચના કરીને તૈયારીઓનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ સબબ વિશેષ માહિતી માટે ટ્રસ્ટ પ્રમુખના મો. ૯૯૧૩૩૧૦૧૦૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

માધવપુરનો મેળો એ ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક: મુખ્યમંત્રી

માધવપુરના ભવ્ય મેળાનો પ્રારંભ: માધવપુરના મેળામાં ઉતર પૂર્વના રાજયોના ૧૫૦થી વધુ કલાકારો અને ગુજરાતના કલાકારોને બિરદાવતા મુખ્યમંત્રી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

પોરબંદર તા.૩૧

ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીજીના વિવાહ પ્રસંગે એક ભારત શ્રેષ્ઠ ભારતની થીમ પર આયોજિત માધવપુરના મેળાનો અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કેન્દ્રીય મંત્રીઓ, ઉત્તર-પૂર્વ તેમજ ગુજરાતના મંત્રીઓની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. આ તકે તેમણે કહ્યું હતું કે, માધવપુરનો મેળો એ ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતીક છે. તેના માધ્યમથી ભારતના સમૃદ્ધિ અને સાંસ્કૃતિક વારસાની અદભુત પ્રસ્તુતિ થઈ રહી છે, જે ભરોસો આપે છે કે ભારતની એકતા પર ક્યારેય કોઈ આંચ નહિ આવે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી, આપણે એક ભારત, શ્રેષ્ઠ ભારત તરફ આગળ વધી રહ્યા છીએ. ત્યારે, આ મેળા થકી આપણે ઉત્તર પૂર્વના રાજ્યોને આપણી સાથે જોડ્યા છીએ. કલા, સંસ્કૃતિ, સંગીત, કળા અને ઉદ્યોગ વગેરે થકી વિવિધ રાજ્યોને જોડવાના પ્રયાસોના ભાગરૂપે આપણે ગુજરાતમાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ પણ કરવા જઈ રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં પ્રવાસનને વેગ આપવાના પ્રયાસોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, આ વખતે પ્રવાસનના બજેટમાં ત્રણ ગણો વધારો કરીને રૂ. ૨૦૦૦ કરોડની જોગવાઈ સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતની નેમને સાકાર કરવા ગુજરાતે પ્રવાસનને નવી દિશા આપી છે. આ સાથે મુખ્યમંત્રીએ દેશભરના લોકોને માધવપુરના મેળામાં આવીને અહીંની સંસ્કૃતિને માણવા માટે આમંત્રણ આપ્યું હતું. સંબોધનના પ્રારંભે મુખ્યમંત્રીએ સૌને ભગવાન શ્રી કૃષ્ણ તેમજ રૂકમણીજીના વિવાહપ્રસંગ તેમજ રામનવમી પર્વની શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુ બેરાએ જણાવ્યું હતું કે વર્ષોથી પરંપરાગત રીતે યોજાતા આ માધવપુર મેળાને વર્ષ ૨૦૧૮ થી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી નવી ઉંચાઈ મળી છે.ભગવાન શ્રી કૃષ્ણ અને વિદર્ભના રાજકુમારી શ્રી રૂકમણીજીના પવિત્ર વિવાહનું આ સ્થળ ખૂબ જ ઐતિહાસિક અને દર્શનિય હોવાની સાથે સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવનને પણ ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે. મંત્રીએ સ્કંદ પુરાણ અને મહાભારતનો સંદર્ભ ટાંકી ભગવાન શ્રી કૃષ્ણના લગ્નની ઐતિહાસિક ગાથા લોકો સમક્ષ રજૂ કરી હતી અને ધર્મ, જાતિ, આર્થિક સ્થિતિ, સામાજિક દરજ્જાથી આગળ વધી આ મેળો ગુજરાત તથા પૂર્વોત્તર રાજ્યોના સંબંધો વધુ મજબૂત બનાવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે માધવપુર ઉપર ૩ ભાષામાં અને ૧ ઉપભાષામાં લિખિત પુસ્તકનું લોન્ચિંગ કરાયું હતું. ઉદઘાટન પ્રસંગે ગુજરાતની ઓળખ સમા ગરબા, અરૂણાચલ પ્રદેશનું ડાન્સફોર્મ, આસામ તેમજ અન્ય રાજ્યોના ૧૫૦થી વધુ કલાકારોએ સુંદર વેશભૂષામાં કલા, સંગીત અને નૃત્યની ઝાંખી કરાવતી કૃતિઓ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. મુખ્યમંત્રીએ ઉત્તર પૂર્વ અને ગુજરાતના કલાકારોને બંને પ્રદેશની સંસ્કૃતિ પ્રસ્તુત કરતી ગાથા માધવપુરની કૃતિઓ રજૂ કરવા બદલ કલાકારોને બિરદાવી અભિનંદન આપ્યા હતા. સુપ્રસિદ્ધ લોકગાયિકા લલીતાબેન ઘોડાદ્રા અને લોકસાહિત્યકાર અને ડાયરાના જાણીતા માલદેભાઈ આહિર, સાંઈરામ દવે વગેરેએ પોતાની આગવી શૈલીમાં ગીતો લલકારી પ્રેક્ષકોને અભિભૂત કર્યા હતા. આ ઉપરાંત ગુજરાત અને ઉત્તરપૂર્વી રાજ્યના કલાકારો દ્વારા શ્રીકૃષ્ણ અને રૂકમણીના જીવન પર આધારીત મલ્ટીમીડિયા શો રજૂ કર્યો હતો. માધવપુર મેળાના પ્રસંગે ઉત્તર પૂર્વ તેમજ ગુજરાતના ખેલાડીઓએ દરિયાઈ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં ૧૦૦ મીટર દોડ, ફૂટબોલ, હેન્ડબોલ, વોલીબોલ, જૂડો અને ટેકવેન્ડો રમતનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમાર, સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્યો સર્વ ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, કાંધલ જાડેજા, પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડીયા તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, પ્રવાસન વિભાગના સચિવ હારીત શુક્લ, પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર આલોકકુમાર, પોરબંદર જિલ્લા કલેકટર અશોક શર્મા સહિત ગામલોકો સહિત પ્રવાસીઓ આમંત્રિત મહાનુભાવો, અગ્રણીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ માધવપુર બીચ પર દરિયાઈ રમતો અને રેતી શિલ્પની પ્રતિકૃતિઓ સહિતની રમણીયતાના દર્શન કર્યા

પોરબંદર: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈકાલે માધવપુર ઘેડના મેળાના સાંસ્કૃતિક કાર્યક્રમોના ઉદઘાટન પૂર્વે ભગવાન માધવરાયજીના પૌરાણિક મંદિરે ભગવાન માધવરાયજી અને ભગવાન ત્રિકમ રાયજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માધુપુર ઘેડના મેળામાં ભગવાન માધવરાયજીના મંદિરે હજારો ભક્તો દર્શન કરે છે અને આ મંદિરમાં દરિયામાંથી મળેલા હજારો વર્ષ પુરાણા મંદિરમાંથી અહીં પધરાવવામાં આવેલી ભગવાનની પૌરાણિક દિવ્ય મૂર્તિઓ જેમાં ભગવાન માધવરાયજીના દર્શન કરી ભાવિકો ધન્ય બને છે. મુખ્યમંત્રીએ મેળાના ઉદઘાટન પૂર્વે ભગવાન માધવરાયજીના મંત્રીઓ સાથે દર્શન કર્યા હતા.

બાદમાં મુખ્યમંત્રીએ રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત માધવપુર ઘેડના મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે સાથે દરિયાઈ રમતોના આયોજનો અને બીચની રમણીયતાની સાથે કલાકારો દ્વારા કંડારવામાં આવેલા રેતી શિલ્પોનું પણ નિરીક્ષણ કર્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર કાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

શ્રી દેવાયત બોદરની જન્મજયંતિ પ્રસંગે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા આહીર સમાજના અગ્રણીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

સામાજીક ક્ષેત્રે જેનું ખુબ જ યોગદાન છે તેવા આહીર સમાજના સપુત વિર શ્રી દેવાયત બોદરની જન્મજયંતિ નિમિત્તે મવડી ચોકડી રાજકોટ ખાતે રાજકોટ જીલ્લા આહીર કર્મચારી મંડળ અને કેળવણી મંડળ અને આહીર સમાજની વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા ગઈકાલે દેવાયત બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અને આરતી પુજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ પ્રસંગે આહીર સમાજ અગ્રણી રાજકોટના મેયર ડો.પ્રદિપભાઇ ડવ , કોર્પોરેટ નરેન્દ્રભાઈ ડવ, હિરેનભાઈ ખીમાણીયા, જયાબેન હરીભાઇ ડાંગર, મંજુલાબેન ઘનશ્યામભાઇ કુગશીયા તથા રાજકોટ જીલ્લા આહીર કર્મચારી મંડળના સિનિયર ઉપપ્રમુખ નિર્મળભાઈ મેતા, ઉપપ્રમુખ ભાનુભાઈ મિયાત્રા, મંત્રી કિરીટભાઇ મૈયડ કારોબારી અને સક્રિય સભ્ય પ્રો. રમેશભાઈ ડાંગર, પ્રો. કે.આર.રામ, રાજેશભાઇ ડાંગર, કાનાભાઈ રામ, ભરતભાઈ કાનગડ, સંજયભાઈ ચાવડા, ગૌતમભાઇ ચાવડા, જશુભાઈ રાઠોડ, હરદેવભાઈ ચાવડા વગેરે તથા આહીર સમાજ અગ્રણી ઘનશ્યામભાઇ કુગશીયા, વિક્રમભાઈ વાંક, રાયધનભાઈ વાંક, કરશનભાઈ નંદાણીયા, ધર્મેન્દ્રભાઈ ડાંગર, મહીપતભાઇ હુંબલ, સી. પી. બાલ-ાસરા, કાનાભાઈ મિયાત્રા, માવજીભાઈ ડાંગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ આહીર સમાજના યુવાનો, વડીલો અને સમાજ શ્રેષ્ઠીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જુ.ક્લાર્કના કોલ લેટર આજથી નીકળશે, રાજકોટમાં ૪૩૨૫૮ વિદ્યાર્થી પરીક્ષા આપશે

૯ એપ્રિલે રાજકોટ જિલ્લાના ૧૫૦ જેટલા કેન્દ્રો ઉપર પરીક્ષાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩૧

રાજકોટ સહિત રાજ્યભરમાં અગાઉ મોકૂફ રખાયેલી જુનિયર ક્લાર્કની પરીક્ષા આગામી તારીખ ૯ એપ્રિલના રોજ લેવાનાર છે ત્યારે આ પરીક્ષા આપનાર ઉમેદવારોના કોલ લેટર તારીખ ૩૧ માર્ચને શુક્રવારથી ડાઉનલોડ કરી શકાશે તેવું ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના ઇન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરીને માહિતી આપી હતી.

રાજકોટ જિલ્લામાં ૪૩૨૫૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા આવવાના છે. જેના માટે ૧૫૦ જેટલા કેન્દ્ર પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પેપરલીકના કારણે મોકૂફ રખાયેલી જુનિયર ક્લાર્કની પરીક્ષા ૯ એપ્રિલે સવારે ૧૨:૩૦થી ૧૩:૩૦ કલાક દરમિયાન યોજાશે. પરીક્ષા માટે ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો ખાતે આવવા તથા પરત જવા માટે તેમના ઓળખપત્ર (કોલ લેટર/ હોલ ટિકિટ)ના આધારે ગુજરાત એસ.ટી.બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અગાઉ ૨૯ જાન્યુઆરીએ વર્ગ-૩ની જુનિયર ક્લાર્કની પરીક્ષા યોજવાનું આયોજન કર્યું હતું, પરંતુ જે-તે સમયે પેપર ફૂટવા સહિતના કારણોસર મોકૂફ રખાયેલી આ પરીક્ષા હવે આગામી તારીખ ૯ એપ્રિલે લેવાશે. રાજકોટમાં આ પરીક્ષા ૧૫૦ કેન્દ્ર પર લેવાનાર છે. જેના માટે ૪૩,૨૫૮ ઉમેદવાર નોંધાયા છે.

પરીક્ષાનો સમય સવારે ૧૨:૩૦થી ૧૩:૩૦ સુધીનો રહેશે. આ બેઠકમાં પરીક્ષા સંચાલન તથા તેની સાથે સુચારૂ વ્યવવસ્થા અંગે વિગતવાર ચર્ચા કરીને આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે. દરેક પરીક્ષા કેન્દ્રના પ્રવેશ પર જ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ મોબાઈલ કે કોઈ પણ પ્રકારના ઇલેક્ટ્રોનિક ગેજેટ સાથે ન પ્રવેશે તે માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવશે. પરીક્ષા અંગેની કોઈ મુશ્કેલી કે ફરિયાદ હોય તો જિલ્લા પરીક્ષા કન્ટ્રોલરૂમ પણ કાર્યરત રહેશે.

૩૫૦૦ જેટલો સ્ટાફ જુનિયર ક્લાર્કની પરીક્ષાની કામગીરીમાં જોડાશે

૯મી એપ્રિલે રાજકોટ જિલ્લામાં ૧૫૦ કેન્દ્ર પર લેવાનારી જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે અંદાજિત ૩૫૦૦ વ્યક્તિનો સ્ટાફ આ કામગીરીમાં જોડાશે. ફ્લાઇંગ સ્કવોડ, બોર્ડના પ્રતિનિધિ, સીસીટીવીનું મોનિટરિંગ કરવા માટેનો સ્ટાફ, ખંડ નિરીક્ષક સહિતની સ્ટાફની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત પંચાયત બોર્ડની એસઓપી મુજબ જે સ્ટાફ પરીક્ષા દરમિયાન ફરજ બજાવવાનો છે તેમના માટે ખાસ ટ્રેનિંગનું પણ આયોજન કરવામાં આવશે.

તમારૂ રોજનું નાટક છે, અહીં ફરી આવશો તો માર ખાઈને જશો

બજરંગવાડી દોડી ગયેલી પોલીસની ફરજમાં રૂકાવટ

રાજકોટ, તા.૩૧

બજરંગવાડી સર્કલ પાસે આવેલા સાહેબ ગોલાવાળાને ત્યાં કેટલાક અસામાજિક તત્ત્વો ગાળો બોલી ધમાલ મચાવતા હોવાની પોલીસ કંટ્રોલરૂમમાં જાણ થઇ હતી. કોલ મળતા પીસીઆરના ઇન્ચાર્જ હાર્દિકભાઇ આર.સાંગા, હોમગાર્ડ સહિતનો સ્ટાફ પોણા બારે તુરંત બજરંગવાડી સર્કલ દોડી ગયા હતા. સાહેબ ગોલાવાળાના માલિક અશરફ નામની વ્યક્તિને તમારે ત્યાં અસામાજિક તત્ત્વો ગાળો બોલે છે, વાહનો રોડ પર આડેધડ પાર્ક કરી દેવાય છે તેનું જરા ધ્યાન રાખવાનું કહ્યું હતું. ત્યારે ગોલાવાળાએ ઉશ્કેરાઇ જઇ ગાળો ભાંડી તમારું આ રોજનું નાટક છે. ત્યારે અમને કોલ મળતા આવ્યા હોવાનું પીસીઆર વાનના ઇન્ચાર્જે જણાવી તમે ધંધો કરો છો, આવા અસામાજિક તત્ત્વોને તમારે ટોકવા જોઇએની વાત કરી હતી. ત્યારે ગોલાવાળો વધુ ઉશ્કેરાઇ જઇ તમે હવે ફરીથી અહીં આવશો તો તમને જોઇ લઇશું ની ધમકી દેવા લાગ્યા હતા. બાદમાં ગોલાવાળા અશરફે તમે મને ઓળખતા નથીનું કહ્યું હતું. આ સમયે તેને ત્યાં કામ કરતો શખ્સ પણ ધસી આવી હવે અહીં આવશો તો તમારે માર ખાઇને જવું પડશે તેમ કહી ઝઘડો કરી ધક્કા મારી ગાળો ભાંડી હતી. ફરજ પર હોવાનું જણાવવા છતાં બંને શખ્સે ઝપાઝપી કરી તમે મારું કંઇ બગાડી નહિ શકોની બડાસો મારવા લાગ્યા હતા. જેથી તુરંત કંટ્રોલરૂમને જાણ કરતા મદદે પોલીસ આવતાની સાથે જ ગોલાવાળો અશરફ ભાગી ગયો હતો. જ્યારે ગોલાની દુકાનમાં કામ કરતા શખ્સને પકડી લઇ પોલીસ મથક લઇ જવાયો હતો. તેની પૂછપરછ કરતા તે રાજીવનગર-૯માં રહેતો અસ્લમ હોવાનું જણાવ્યું હતું. બંને સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે અસ્લમની ધરપકડ કરી અશરફને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

'સખી' વન સ્ટોપ સેન્ટર જિલ્લા દેખરેખ અને નિયંત્રણ સમિતિની બેઠક યોજાઇ

ઘરેલુ હિંસા, જાતિય હિંસા, દહેજ સહિતના જુદા જુદા અંદાજે ૨૪૮૩ કેસમાં સુખદ સમાધાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૩૧

જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને 'સખી' વન સ્ટોપ સેન્ટર, રાજકોટ જિલ્લા દેખરેખ અને નિયંત્રણ સમિતિની બેઠક ગઇકાલે કલેકટર કચેરી ખાતે મળી હતી.

આ બેઠકમાં 'સખી' વન સ્ટોપ સેન્ટર અંતર્ગત વર્ષ દરમિયાન થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી અવનીબેન દવેએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા 'સખી' વન સ્ટોપ સેન્ટર ખાતે આવતા જુદા જુદા કેસ, આવેલા કેસનું કઈ રીતે કાઉન્સેલિંગ થાય છે. વર્ષ દરમિયાન કેટલા કેસ આવ્યા તેની જાણકારી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭ થી અત્યાર સુધીમાં ઘરેલુ હિંસા, જાતિય હિંસા, દહેજ સહિતના જુદા જુદા અંદાજે ૨૪૮૩ કેસમાં સુખદ સમાધાન કરાવવામાં આવ્યું છે.

રાજકોટની સાથે સાથે ગોંડલમાં પણ 'સખી' વન સ્ટોપ સેન્ટર પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યું છે, જેની વિગત પણ આ તકે આપવામાં આવી હતી. આ તકે કલેકટર અરૂણ મહેશ બાબુએ 'સખી' વન સ્ટોપ સેન્ટરમાં થતી કામગીરી વિશે લોકોમાં વધુ જાગૃતતા આવે તે માટે નક્કર પ્રયાસો કરવા સૂચવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સીમાબેન શિંગાળા, મહિલા અને બાળ વિકાસ કચેરીના અધિકારીઓ, સખી વન સ્ટોપના અધિકારીઓ, બાળ સુરક્ષા વિભાગના અધિકારી એ.વી.ગોસ્વામી, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.કૈલા, સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન સેરસીયા, આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ મેનેજર સાવિત્રી નાથજી તથા સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%G ST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

ઊર્જાની ક્ષમતામાં ગુજરાતનો દેશમાં ડંકો: ગુજરાત સૌર અને પવન ઊર્જા ક્ષમતામાં દેશમાં બીજા સ્થાને

રાજયસભા સાંસદ પરિમલ નથવાણીને ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી અને પાવર મિનિસ્ટરનો પ્રત્યુત્તર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૩૧

કુલ ૮,૮૮૭.૭૨ મેગાવોટ (MW) સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા અને ૯,૯૨૫.૭૨ મેગાવોટ સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા સાથે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે બીજા સ્થાન પર છે. કેન્દ્રિય ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી એન્ડ પાવર મંત્રી આર.કે. સિંહ દ્વારા આ માહિતી રાજ્યસભામાં ૨૮ માર્ચ, ૨૦૨૩ના રોજ સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતાં ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

મંત્રીના નિવેદન અનુસાર સૌથી વધુ સ્થાપિત સોલાર એનર્જી ઉત્પાદન ક્ષમતા ધરાવતા ટોચના પાંચ રાજ્યો રાજસ્થાન (૧૬,૪૦૫.૭૫ MW), ગુજરાત (૮,૮૮૭.૭૨ MW), કર્ણાટક (૮,૧૧૦.૪૮ MW), તમિલનાડુ (૬,૫૩૬.૭૭ MW) અને તેલંગાણા (૪,૬૫૭.૧૮ MW) છે. નિવેદન અનુસાર, મહત્તમ સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા ધરાવતા ટોચના પાંચ રાજ્યોમાં તામિલનાડુ (૯,૮૮૩.૧૨ MW), ગુજરાત (૯,૯૨૫.૭૨ MW), કર્ણાટક (૫,૨૭૬.૦૫ MW), મહારાષ્ટ્ર (૫,૦૧૨.૮૩ MW) અને રાજસ્થાન (૪,૬૮૧.૮૨ MW) છે.

નથવાણી રિન્યુએબલ એનર્જીના ઇન્સ્ટોલેશન તેમજ ઉત્પાદન માટે જાહેર કરાયેલા પ્રોત્સાહનો તેમજ આ પ્રોત્સાહનો સૌર પેનલ્સ, એલ્યુમિનિયમ ચેનલ્સ, પવનચક્કીઓ વગેરે જેવા ઉપકરણોના ઉત્પાદકોને લાગુ પડે છે કે કેમ તથા દેશમાં સોલાર અને વિન્ડ એનર્જી ઉત્પાદન કરતાં ટોચના પાંચ રાજ્યો વિશે અને દરિયાઈ મોજાથી કેટલી ઊર્જા ઉત્પન્ન થાય છે તેની વિગતો જાણવા માગતા હતા.

મંત્રીના નિવેદન અનુસાર ભારત સરકારના ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય (MNRE) દેશમાં સ્થાનિક રિન્યુએબલ એનર્જીના ઉત્પાદનના વિકાસ અને સુવિધા માટે સતત નીતિઓ લાવી રહ્યું છે. દેશમાં સોલાર અને વિન્ડ એનર્જીના ઉત્પાદન માટે ઘરેલું ઉપકરણોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવેલી. તાજેતરની કેટલીક યોજનામાં અન્ય બાબતોની સાથે, નીચે દર્શાવેલી યોજનાઓનો સમાવેશ થાય છે: જેમ કે સોલાર એનર્જી: (i) પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) સ્કીમ ફોર હાઇ એફિશિયન્સી સોલાર પીવી મોડ્યૂલ્સ, (ii) ડોમેસ્ટિક કન્ટેન્ટ રિક્વાયર્મેન્ટ (DCR), (iii) પ્રેફરન્સ ટુ મેક ઇન ઇન્ડિયા ઇન પબ્લિક પ્રોક્યોરમેન્ટ, (iv) સોલાર પીવી સેલ અને મોડ્યુલોની આયાત પર મૂળભૂત કસ્ટમ્સ ડ્યુટી લાદવી અને (v) કસ્ટમ્સ ડ્યુટી રાહતો બંધ કરવી.

મંત્રીના નિવેદનમાં એ વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભારત સરકાર ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા સોલાર પીવી મોડ્યુલ્સમાં ગીગા વોટ (GW) સ્તરની સ્થાનિક ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવા માટે ઉચ્ચ કાર્યક્ષમતા સોલાર પીવી મોડ્યુલ્સ પરના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ રૂ. ૨૪,૦૦૦ કરોડના ખર્ચ સાથે પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાનો અમલ કરી રહી છે. આ સ્કીમમાં ઉચ્ચ કાર્યક્ષમતાવાળા સોલાર પીવી મોડ્યુલના ઉત્પાદન અને વેચાણ પર પાંચ વર્ષ માટે પસંદ કરેલા સોલાર પીવી મોડ્યુલ ઉત્પાદકોને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) આપવા માટેની જોગવાઈ છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે MNRE-ની કેટલીક વર્તમાન યોજનાઓ હેઠળ જેમ કે CPSU સ્કીમ ફેઝ-II, PM-KUSUM કમ્પોનન્ટ B અને ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્રોગ્રામ ફેઝ-II હેઠળ સરકારી સબસિડી આપવામાં આવે છે, તેમણે સ્થાનિક ઉત્પાદકો પાસેથી સોલાર પીવી સેલ્સ અને મોડ્યૂલ્સ ખરીદવા ફરજિયાત કરવામાં આવ્યા છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 'પબ્લિક પ્રોક્યોરમેન્ટ (મેક ઇન ઈન્ડિયા) ઓર્ડર'ના અમલીકરણ દ્વારા સરકારી સંસ્થાઓ માટે સ્થાનિક રીતે ઉત્પાદિત સોલાર પીવી મોડ્યુલ અને સ્થાનિક રીતે ઉત્પાદિત સોલાર ઈન્વર્ટરની ખરીદી અને ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે.

સરકારે ૧-૪-૨૦૨૨થી સોલાર પીવી સેલ અને મોડ્યુલની આયાત પર બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) લાદી છે. MNRE દ્વારા ૨-૨-૨૦૨૧ની અસરથી સોલાર પીવી પાવર પ્રોજેક્ટના પ્રારંભિક સેટઅપ માટે સામગ્રી/સાધનોની આયાત માટે કસ્ટમ ડ્યુટી કન્સેશન સર્ટિફિકેટ આપવાનું બંધ કરી દીધું છે, તેમ પણ નિવેદનમાં જણાવાયું છે. મંત્રીએ એવી પણ માહિતી આપી હતી કે ટાઇડલ એનર્જી હજુ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તબક્કામાં છે અને તેને દેશમાં વ્યાપારી ધોરણે લાગુ કરવામાં આવી નથી.

'સૌરાષ્ટ્ર ક્રાંતી' દ્વારા કદી જોવા ન મળ્યો હોય એવા કાર્યક્રમની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો

રાજકોટમાં રાજસ્થાન ફોક ફેસ્ટીવલનો અવર્ણનીય અનુભવ લેવા શહેરીજનો તત્પર

આઈશ્રી દેવલમાં ના આશીર્વાદની અપાર વર્ષાની હેલી સાથે આવતીકાલે શનિવારે સાંસ્કૃતિક કાર્યક્રમનો રંગારંગ શુભારંભઃટોચના રાજકીય, સામાજિક, વહીવટી મહાનુભાવોની પ્રેરક હાજરીમાં શનિ-રવિવારે રાજસ્થાની લોકકલા, સંગીત અને સંસ્કૃતિનો રોમાંચકારી ત્રિવેણીસંગમ રચાશેઃ લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહની હેલીઃ વિશ્વ વિખ્યાત રાજસ્થાની લોકકલાકારોના ગ્રુપ રાજકોટની રાતને રઢિયાળી બનાવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩૧

રંગીલા રાજકોટના કલારસિક અને કલાપારખું શહેરીજનો માટે એક અવર્ણનીય અને અભૂતપૂર્વ લોકસંગીત, કલા અને સંસ્કૃતિના કાર્યક્રમનું યાદગાર અનુભવ લેવાની સોનેરી તક સામે આવી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિકના ઉપક્રમે અને રાજકોટની ધરતી પર રાજસ્થાની કલાના રંગના અમી છાંટણા થઇ રહ્યા છે. તા.૧ અને ૨ એપ્રિલ શનિવાર તથા રવિવારના રોજ સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રેરિત અને આયોજિત રાજસ્થાન ફોક ફેસ્ટીવલ યોજાઈ રહ્યો છે. જેનો રોમાંચકારી અને અવર્ણનીય અનુભવ લેવા માટે શહેરીજનો તલપાપડ થઇ ઉઠ્યા છે. બે દિવસ સુધી રાજસ્થાનના વિખ્યાત લોક કલાકારોના ગ્રુપ રાજસ્થાની લોકગીતો અને નૃત્યોની મહેફિલ થકી રાજકોટની રાતને રઢીયાળી અને યાદગાર બનાવી દેશે. સૌરાષ્ટ્ર ક્રાંતીના સંચાલક અશોકભાઈ ગઢવીના પ્રેરક અને ઉત્સાહી માર્ગદર્શન તળે સૌરાષ્ટ્ર ક્રાંતીની ટીમ દ્વારા અવિસ્મરણીય ફોક ફેસ્ટીવલની તૈયારીઓને તડામાર રીતે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

રાજકોટના રૈયા રોડ પર આવેલા અત્યંત આધુનિક પ્રમુખ સ્વામી ઓડીટોરીયમમાં શનિવારે રાત્રે ૮:૩૦ વાગ્યાથી રાજસ્થાન ફોક ફેસ્ટીવલનો રંગારંગ શુભારંભ થઇ રહ્યો છે. આઈશ્રી દેવલમાંના આશીર્વાદની અપાર વર્ષાની હેલી સાથે બે દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થશે. રાજકોટની ધરતી બે દિવસ સુધી જાણે કે રાજસ્થાની રંગમાં રંગાઈ જશે. રાજકોટ શહેરના કલારસિક વર્ગોમાં રાજકોટનો આ અગાઉ કદી ન યોજાયો હોય એવા કાર્યક્રમનો પળેપળનો આનંદ ઉઠાવવા માટે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ટોચના રાજકીય, સામાજિક મહાનુભાવો, સરકારના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગ શ્રેષ્ઠીઓ જેવા માનવંતા મહેમાનોની પ્રેરણાદાયી હાજરીમાં રાજકોટની ધરા પર સોળેકળાએ રાજસ્થાની રંગ ખીલી ઉઠશે અને ઐતિહાસિક રાજસ્થાનની લોકકલા, સંગીત, નૃત્યનો રોમાંચક ત્રિવેણીસંગમ રચાશે. આ કાર્યક્રમ હંમેશ માટે લોકોના હૃદયમાં છાપ છોડી જાય એવી શાનદાર તૈયારીઓ માટે રાત- દિવસ એક કરનાર અશોકભાઈ ગઢવી અને એમની ટીમ દ્વારા એક બેનમુન આયોજન કરવામાં આવ્યું છે. જે હંમેશ માટે જોનારાના માનસ પટ પર અંકિત થઇ જશે.

તા.૧ અને શનિવારે કાર્યક્રમના અને મહોત્સવના પ્રથમ દિવસે રાજસ્થાની મોરલા અને લોકસંગીતના બેતાજ બાદશાહ ગફુર ખાન એન્ડ ગ્રુપ રાજસ્થાનના સંગીતની મહેફિલની જમાવટ કરશે અને માનવંતા મહેમાનો તથા દર્શકોને તરબોળ કરી દેશે.

બીજા દિવસે તા.૨ એપ્રિલને રવિવારે રાજકોટની રાત વધુ રઢિયાળી બનશે. લોકસંગીતની રમઝટ બોલાવશે અને રાજકોટીયનને એક યાદગાર ભેટ આપશે.

રાજસ્થાન ફોક ફેસ્ટીવલમાં બંને દિવસના કાર્યક્રમો રાત્રે ૮:૩૦ વાગ્યાથી શરૂ થશે. બંને દિવસ રાજસ્થાનના કલાકારો દ્વારા રાજસ્થાનની વિશેષ ઓળખ સમાન લોકપ્રિય ઘુમ્મર નૃત્ય, કલબેલીયા ડાન્સ, ચરી ડાન્સ સહિતની રાજસ્થાનની વિશિષ્ટ નૃત્ય શૈલીની કલારસિક જનતા સમક્ષ પ્રસ્તુતિ કરશે અને રાજકોટીયનને રીતસર ડોલાવી મુકશે. આ રીતે રાજકોટની ધરતી પર બે વિશિષ્ટ કલા અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરવતા બે રાજ્યની સંગીત અને કલાનું અનોખું સુભગ સમન્વય માણવા મળશે. આ કાર્યક્રમોને માણી લેવા માટે કલારસિક શહેરીજનોમાં જબરો ઉત્સાહ અને ઈન્તેજારી જોવા મળી રહ્યા છે.

શહેરીજનો આ યાદગાર મહોત્સવને માણી લેવા માટે તત્પર થઇ ઉઠ્યા છે અને મહોત્સવની એકેએક પળને માણી લેવા અને રાજસ્થાની લોકકલાના વિવિધ લાજવાબ પાસાને નજરે નિહાળવા માટે અને આ ક્ષણોને જીવનની યાદગાર પળમાં પરિવર્તિત કરવા માટે આતુરતાપૂર્વક કાર્યક્રમનો ઈન્તેજાર કરી રહ્યા દેખાય છે.

ઐતિહાસિક અને સાંસ્કૃતિક કલા અને વારસાની વાત કરીએ તો આબંને પડોશી રાજ્યો ગુજરાત અને રાજસ્થાન વચ્ચે એક અનોખી સાંસ્કૃતિક ધરી સદીઓથી રચાયેલી છે. બંને વૈવિધ્યસભર કલા, કારીગરી, સંસ્કૃતિ અને શૌર્યસભર ઈતિહાસનો વારસો ધરાવે છે. સૌરાષ્ટ્ર ક્રાંતીના ધરોહર અને કલા પારખું સંચાલક એવા અશોકભાઈ ગઢવી ગુજરાતની જેમ રાજસ્થાનની કલા અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસુ રહ્યા છે. પોતે એક પ્રખર કલારસિક હોવા ઉપરાંત સૂર અને સંગીત અને ખાસ કરીને ગુજરાતના ચારણી સાહિત્ય અને કલા તથા રાજસ્થાનની કલાથી જાતે વાકેફ રહ્યા છે. એટલે એમના અભ્યાસુ માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ માણવાની રાજકોટની જનતાને તક મળી છે. એ બદલ કલારસિક રાજકોટીયન ખુબ જ ઉમળકા સાથે આયોજનને વધાવી લેવા અને માણવા માટે આતુર બની ગયા છે. એટલે આયોજન પહેલા કાર્યક્રમ પ્રજામાં જે ઉત્કંઠા અને રોમાંચ જગાવી શક્યો છે તેના યશભાગી અશોકભાઈ ગઢવી અને એમની કલાપારખું નજર છે એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

આવો આવતા શનિ અને રવિવારની એ રાતને આપની પ્રેરક હાજરીથી વધુ રઢિયાળી બનાવો અને કલાના વિવિધ રંગોના રંગમાં તરબોળ થઇ જાવ એવું સૌરાષ્ટ્ર ક્રાંતીનું કલારસિક જનતાને આહ્વાન છે.(૨.૧૨)



રાજસ્થાની કલાકારો દ્વારા રાજસ્થાનની વિશેષ ઓળખ ઘુમ્મર નૃત્ય, કલબેલીયા ડાન્સ, ચરી ડાન્સની પ્રસ્તુતિ કરીને રાજકોટની કલારસિક જનતાને ડોલાવશે

કાલે રાજસ્થાનના લોકસંગીતના બેતાજ બાદશાહ ગફુર ખાન એન્ડ ગ્રુપ રાજસ્થાની સંગીતની સફરે લઇ જઈ મહેમાનો અને દર્શકોને તરબોળ કરશે

આવો માણીયે રંગીલો રાજસ્થાન

કેસરીયા બાલમ (ગફુરખાન એન્ડ ગૃપ)
તા.૦૧-૦૪-૨૦૨૩,રાત્રે ૮.૩૦ કલાકે
હુકમ રો જલસો
તા.૦૨-૦૪-૨૦૨૩,રાત્રે ૮.૩૦ કલાકે

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.